Friday 06, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૨ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

# કપરાડાના મધુબન, નગર અને રાયમલ ગામો હવે દાનહમાં નહી ગુજરાતમાં જ રહેશે

**ગ્રામજનો તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના પ્રયત્નોથી પરિણામ : ઈ.સ. ૨૦૧૮માં આ ત્રણ ગામનો કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં સમાવેશ કરવાનો અભિપ્રાય રજૂ થયો હતો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૫ :** વર્ષ ૨૦૧૮માં વલસાડ જિલ્લાના મધુબન, નગર અને રાયમલ ગામોને વિવિધ કારણોસર કેન્દ્રશાસિત પ્રદેશ દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં સમાવેશ કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન પ્રમાણે સેલવાસમાં ત્રણેય ગામોનો સમાવેશ થનાર હતો.

ગુજરાત સરકારની અનેકવિધ કામગીરી અને વિકાસનો લાભ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મધુબન, નગર અને રાયમલ ગામોને પણ ખૂબ મળ્યો છે. આજે આ ગામોમાં વીજળી, પાણી અને ઉત્તમ આરોગ્યની સુવિધા મળી છે અને સાથે જ સ્થાનિક ખેડૂતોને પણ પૂરતી સુવિધા મળી છે. જેને પરિણામે ગ્રામજનો, સ્થાનિક પદાધિકારીઓ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાવેશ કરવામાં નિર્ણયને રદ કરવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં મહેસૂલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બાબતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થળની પરિસ્થિતિ, બહુવિધ વિકાસ, સ્થાનિક નાગરિકોની રજૂઆતો અને વિરોધને ધ્યાનમાં રાખતા બહુમતીથી આ આયોજનને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો અને ત્રણેય ગામોને ગુજરાત રાજયનો જ ભાગ ગણવામાં આવે તેવી જાહેરાત કરવામાં આવી.

૬ વર્ષ બાદ આવેલ આ હકારાત્મક નિર્ણયની સાથે જ ત્રણેય ગામોના નાગરિકોમાં આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી. તેમણે સૌએ વિભાગના અધિકારીઓ તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનો આભાર માન્યો હતો.

## શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર ખડકીના શિક્ષિકાનું સન્માન



**વલસાડ, તા. ૫ :** રાજ્ય સરકાર દ્વારા શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક વિતરણ સમારોહ - ૨૦૨૪ના એવોર્ડ માટે રાજયના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૨૮ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે. જેમાં પ્રાથમિક વિભાગમાં ત્રણ વર્ષ બાદ વલસાડ જિલ્લામાંથી એક શિક્ષિકાની પંસદગી થઈ છે.

જિલ્લાના પારડી તાલુકાના ખડકી ગામની પ્રાથમિક શાળાના ઉપશિક્ષિકા ઈલાબેન વસંતલાલ પટેલને આજે શિક્ષક દિવસે અમદાવાદના પાલડી ખાતે ટાગોર હોલમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે શાલ, પ્રમાણપત્ર અને રૂ. ૫૧,૦૦૦ના પુરસ્કાર વડે સન્માનિત કરવામાં આવ્યા હતાં.

ઈલાબેને બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળામાં નામાંકન, સ્થાયીકરણ, લોકભાગીદારી, કન્યા કેળવણી, પ્રવેશોત્સવ, ગુણોત્સવ, હાજરી સુધારણા, આરોગ્ય તપાસણી સહિતના વિવિધ કાર્યોમાં મહત્વની અને સક્રિય ભૂમિકા ભજવી શિક્ષણની ગુણવત્તા સુધારણામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. વલસાડ જિલ્લામાંથી ૩ વર્ષ બાદ પ્રાથમિક વિભાગમાં રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક મળતા જિલ્લાના શિક્ષણ જગતમાં ખુશીની લહેર પ્રસરી છે.

આ પ્રસંગે ઈલાબેને પોતાની નિઃસ્વાર્થ સેવા ભાવનાને રાજ્ય સરકારે એવોર્ડ આપી બિરદાવતા રાજ્ય સરકારનો આભાર માન્યો હતો અને જણાવ્યું કે, રાજ્ય કક્ષાનો આ એવોર્ડ મને વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે વધુ બહેતર કાર્ય કરવા માટે પ્રેરણા પુરી પાડશે.

## વાપીમાં ડેન્ગ્યુ અને વાયરલ તાવનો વાવર : રોજના ડઝનબંધ કેસો !

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૫ :** છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં ડેન્ગ્યુના રોગમાં વધારો થતાં લોકોની ચિંતામાં વધારો થયો છે. સરકારી અને ખાનગી દવાખાનાઓમાં દરરોજ ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળી રહ્યા છે. આ દિવસોમાં મોટાભાગના દર્દીઓમાં પ્લેટલેટની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. આ સાથે વાયરલ ફીવરના દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. મળતી માહિતી મુજબ આ વર્ષે વરસાદ શરૂ થયાના એક મહિના બાદ વાપીમાં ડેન્ગ્યુના દર્દીઓ મળવા લાગ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી તેનો પ્રકોપ વધુ વધી રહ્યો છે. નિદાન અને સારવારમાં વિલંબને કારણે ઘણા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. ઈએસઆઈસી હોસ્પિટલ ઉપરાંત અન્ય હોસ્પિટલના તબીબોએ પણ સ્વીકાર્યું હતું કે ડેન્ગ્યુના દર્દીઓ દરરોજ જોવા મળી રહ્યા છે.

ઓલિવ હોસ્પિટલના ડો.આશિષ ઠાકુરે જણાવ્યું કે કેટલાક દિવસોથી ડેન્ગ્યુના દર્દીઓ સતત આવી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે લોકોએ મચ્છરદાનીનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. જ્યારે નિવૃત્ત સરકારી તબીબ ડો. કે.પી. સિંહાએ જણાવ્યું હતું કે, તેમની પાસે પણ કેસો આવી રહ્યા છે આજે પણ એક કેસ ડેન્ગ્યુનો આવ્યો હતો. જ્યારે ઈએસઆઈસી હોસ્પિટલ ચણોદના ડો. આશિષ શર્માએ જણાવ્યું હતું કે ઓપીડીમાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોમાં વધારો નોંધાયો છે અને સરેરાશ રોજીંદા બે ડઝન જેવા ડેન્ગ્યુના કેસો તેમને ત્યાં જોવા મળી રહ્યા છે.

## વલસાડમાં ડેન્ગ્યુથી બેના મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૫ :** વલસાડ રેલવે કર્મચારીનો ૨૩ વર્ષીય પુત્ર ડેન્ગ્યુની સારવાર દરમિયાન ખાનગી હોસ્પિટલમાં મોત થયું હતું. તો બીજા બનાવવામાં વલસાડ રેલવે કંટ્રોલમાં ફરજ બજાતા અને વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના સેક્રેટરીની ૨૩ વર્ષીય પુત્રી ડેન્ગ્યુની સારવાર માટે વલસાડની હોસ્પિટલ બાદ તેની તબિયત વધુ લથડી પડતા તેને મુંબઈની હોસ્પિટલમાં સારવાર અપાય તે પહેલા જ મોત નીપજવાની ઘટના બનતા વિસ્તારમાં શોક ની કાલીમાં ફેલાઈ ગઈ હતી.

વલસાડ જિલ્લામાં ડેન્ગ્યુના કેસોમાં ધીરે ધીરે વધારો જોવા મળી રહ્યો છે છેલ્લા બે દિવસમાં વલસાડમા બે વ્યક્તિના મોત થવાની ઘટના બનતા જિલ્લા આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ ગઈ છે. આરોગ્ય વિભાગની ટીમ મચ્છરોના ઉપદ્રવ ઘટાડવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે વલસાડ રેલ્વેમાં ટ્રેન લાઈટિંગ વિભાગમાં ખલાસી તરીકે નોકરી કરતા કમલેશ પાંડે, ઉ. વ.૨૯, મૂળ રહે. ઉત્તરપ્રદેશને તાવ આવતાં વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. જોકે કમલેશની તબિયત લથડતા તબીબોએ સારો કરવાની તમામ કોશિશો કરી હતી. પરંતુ સર્વ દરમિયાન કમલેશ પાંડેનું મંગળવારે ડેન્ગ્યુના કારણે મોત નિપજ્યું હતું. અપરણિત ૨૯ વર્ષીય યુવાન રેલ્વે કર્મચારી કમલેશ પાંડેની મુત્યુદેહને ઝાંસી તેનાં વતન લઈ જવામાં આવ્યો હતો. જ્યારે બીજા બનાવમાં વલસાડ રેલ્વે કંટ્રોલ માં ફરજ બજાવતા અને વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘનાં બ્રાન્ચ ૧નાં સેક્રેટરી અમિત મિશ્રાની પુત્રી અર્પણા ઉ.વ.૨૩, રહે. અબ્રામા, વલસાડ રહે છે. અર્પણા મિશ્રા જેવો ગાંધીનગરની આઈએઆર કોલેજમાં બીએસસીનાં છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરે છે. ગત શુક્રવારે અર્પણ આ ગાંધીનગરથી વલસાડ પોતાના અબ્રામા ઘરે આવી ગઈ હતી. જે બાદ તેને સોમવાર અચાનક તાવ આવતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. ખાનગી હોસ્પિટલમાં તબીબો રિપોર્ટ કરાવતા ડેન્ગ્યુનો તાવ હોવાનું બહાર આવ્યું હતું જોકે સારવાર દરમિયાન અર્પણા મિશ્રાની તબિયત વધુ લખડતા તેને તાત્કાલિક મુંબઈની હોસ્પિટલમાં લઈ જવાની તજવીજ હાથ ધરી હતી તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. ૨૩ વર્ષીય અપરણાનું મોત થતા મિશ્રા પરિવારમાં શોકની કાલીમાં ફેલાઈ ગઈ હતી.

## ધર્મ જાગરણ દ્વારા ધરમપુરમાં ૨૧ ઈંચની ૩૦૦ મૂર્તિનું વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૦૫ :** ધરમપુરમાં ધર્મજાગરણ સમન્વય નવસારી વિભાગ વલસાડ જિલ્લા આયોજિત ગણપતિદાદાની મૂર્તિ વિતરણ કાર્યક્રમમાં ૨૧ ઈંચની ૩૦૦ મૂર્તિનું વિતરણ કરાયું હતું. ધરમપુરમાં દરબાર કમાઉન્ડની બાજુમાં બ્રાહ્મણ પંચની વાડી મા યોજાયેલા શ્રી ગણપતિની મૂર્તિ વિતરણ વખતે ઉપસ્થિતિઓએ હનુમાન ચાલીસાનું પઠન કરી વિનામૂલ્યે શ્રીજીની મૂર્તિની સાથે રામ ભગવાનનો ફોટો, હનુમાન ચાલીસા, આરતીબુક અપાઈ હતી. આ અવસરે શ્રી સાઇનાથ હોસ્પિટલ ધરમપુરના સેવાભાવી ડૉ. હેમંત પટેલે રક્તદાન કેમ્પનું આયોજન કરવાની ઈચ્છા ધરાવતા ગણેશ મંડળને સંપૂર્ણ સહયોગ આપવા ખાતરી આપી હતી. વલસાડ જિલ્લા ધર્મજાગરણ સંયોજક પરિમલભાઈ ગરાસિયાએ ઉત્સવમાં ધાર્મિકતાની જાળવણી માટે અનુરોધ કર્યો હતો. સામાજીક કાર્યકાર્ય સમીપ રાંચે ધર્મમાંથી સંસ્કૃતિ આવી છે એમ કહી વિવિધ તહેવારોનુ મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સંજયભાઇ સરદેસાઈએ કર્યુ હતું.

## મોટી ઢોલડુંગરીમાં બે દીપડા : ભયનો માહોલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ધરમપુર, તા.૦૫ :** ધરમપુર તાલુકાના મોટીઢોલડુંગરી ગામેં રાત્રીના સમયે ૨ દીપડા દેખાતા મોટીઢોલ ડુંગરી સહિત આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

મોટી ઢોલડુંગરી વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી બે દિપડા આંટાફેરા મારતા હોવાનું જણાઈ આવ્યા બાદ ગઈકાલં રાત્રે પણ આ વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ બે દીપડા આંટાફેરા મારતા નજરે ચડ્યા હતાં. મોટી ઢોલડુંગરી વિસ્તારમાં દીપડા ફરતા હોવાની ચર્ચા વાયુવેગે પ્રસરતા ગામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે આ બાબતે ધરમપુર ફોરેસ્ટ વિભાગમાં તાલુકા પંચાયતના સભ્ય કલ્પેશ પટેલે જાણ કરતા ધરમપુર વન વિભાગ દ્વારા પાંજરું ગોઠવી ગ્રામજનોને એલર્ટ રહેવા જણાવ્યું હતું.

**જોઈએ છે**

**Vacancy for receptionist (Female) at infinity imaging center, vapi intrested candidate can call at 6354811357 or 9727724257**

જી-૧, ક્રિસ્ટલ પ્લાઝા, ચિરાયુ હોસ્પિટલની નીચે, મહિન્દ્રા શો રૂમની સામે, ને.હા.નં. ૪૮, વાપી




**VAPI GREEN ENVIRO LIMITED**
Formerly Known as Vapi Waste & Effluent Mgt. Co. Ltd.
VIA House, Plot No. 135, Char Rata, GIDC, Vapi – 396 195, Gujarat, India
Tel.: (0260) 2428950, Telefax: (0260) 2429950 | email: admin@vwemcl.com | website: www.vwemcl.com | www.coevapi.com
CIN: U74210GJ1997GAP031525

**NOTICE**

Notice is hereby given that the 27th Annual General Meeting (AGM) of the Members of Vapi Green Enviro Limited will be held on Saturday, 28th September, 2024 at 11:00 A.M. at Smt. Sandra Shroff Gnyan Dham School Auditorium, Haria Hospital Road, GIDC Vapi - 396195, to transact the business mentioned in the notice convening the said Annual General Meeting.

Pursuant to the provisions of Section 91 of The Companies Act, 2013 that the Register of Members of the Company will remain closed from 21.09.2024 to 27.09.2024 (both days inclusive).

Date : 05/09/2024
Place : Vapi

For and On Behalf of Board of Directors
Sd/-
Mr. Jatin Mehta
Chief Executive Officer



# અન્ય સમાચારો

**વિવિધ પરીક્ષાના ૧૫ તેજસ્વી વિદ્યાર્થી અને બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવનાર ૨૭ શાળાનું પણ સન્માન કરાયું**

## અબ્રામામાં જિલ્લા અને તાલુકાઓ કક્ષાના ૭ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન





**વલસાડ, તા. ૫ :** વલસાડ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ શિક્ષક દિન નિમિત્તે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા તાલુકા અને જિલ્લા કક્ષાના ૭ શ્રેષ્ઠ શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડના અબ્રામા સ્થિત સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયો હતો.

શિક્ષક દિવસની શુભકામના પાઠવતા જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યંક કે, પ્રત્યેક વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષક મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષકો જ બાળકોના જીવનનું ઘડતર કરી હીરાના જેવી ચળકાટ આપે છે. આજનો દિવસ માત્ર તારીખ નથી પરંતુ એક ભારત, શ્રેષ્ઠ ભારત, ઉજ્જવળ ભારતના ઘડતરનો પાયાનો દિવસ છે. જેમની યાદમાં આ દિવસ મનાવાય છે તેવા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનન એવુ કહેતા કે, પહેલા હું શિક્ષક છું પછી રાષ્ટ્રપતિ છું. કર્મનિષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવી દરેક બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને વલસાડ જિલ્લામાં શિક્ષણની જ્યોત ઝળહળતી રહે તે માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે અનુરોધ કર્યો હતો.

વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે સન્માનિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી જણાવ્યું કે, શિક્ષક દેશની આધાર શીલા છે. બાળકોના ઘડતર દ્વારા શ્રેષ્ઠ સમાજનું નિર્માણ શિક્ષકો કરે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહે છે કે, આજે હું જે પણ છુ તે મારા શિક્ષકોને આભારી છું. ગુજરાત સરકારે પણ બજેટમાં શિક્ષણ માટે નોંધપાત્ર ફાળવણી કરી શિક્ષણને મહત્વ આપ્યું છે.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સંપૂર્ણ આદિવાસી એવા ધરમપુર અને કપરાડા તાલુકાની શાળાઓએ ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું હોવાનું જણાવી શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ વલસાડ જિલ્લો શિક્ષણક્ષેત્રે અગ્રેસર રહે તે માટે આહવાન કર્યુ હતું.

આ ઉજવણી પ્રસંગે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ -૨૦૨૪ ના ૮ વિદ્યાર્થી અને જ્ઞાન સાધના સ્કોલરશીપ - ૨૦૨૪ મેળવનાર પ્રતિભાશાળી ૭ વિદ્યાર્થી અને ધો. ૧૦ તેમજ ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવનાર ૨૭ સ્કૂલનું સન્માન કરાયું હતું. નવી શાળાના નામાંકન કરનાર સૌ પ્રથમ વિદ્યાર્થીને આવકાર આપવામાં આવ્યો હતો. સરસ્વતી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શની પણ યોજાઈ હતી જેની મહાનુભાવાએ વિઝિટ પણ લીધી હતી.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વલસાડ જિલ્લા પંચાયતના શાસક પક્ષના નેતા શૈલેષભાઈ પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, જિલ્લા સંગઠન ઉપાધ્યક્ષ જીતેશ પટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય મહેન્દ્રભાઈ પટેલ, સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્યા સુરેખાબેન સૈની, પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી રાજેશભાઈ બી પટેલ, પ્રાથમિક શૈક્ષિક મહા સંઘના અધ્યક્ષ અજિતસિંહ ઠાકોર, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર બીપીનભાઈ પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્જુન પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર મિતેશભાઈ પટેલ સહિત વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજે ટંડેલ કર્યુ હતું. જ્યારે આભારવિધિ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી. વસાવાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશભાઈ સોનીએ કર્યુ હતું.

### જિલ્લા અને તાલુકા કક્ષાએ સન્માનિત શિક્ષકો

જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વાપીના દેગામની મુખ્ય -ાથમિક શાળાના શિક્ષક અશ્વિનભાઈ સી. ટંડેલને -માણપત્ર અને શાલ ઓઢાડી રૂ. ૧૫૦૦૦નો પુરસ્કાર, તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે વલસાડના ડુંગરીની સ્ટેશન -ાથમિક શાળાના શિક્ષિકા -ીતિબેન કે. પટેલ, વાપી અજીતનગર -ાથમિક શાળાના શિક્ષક શિવકુમાર જે. સિંઘ, ઉમરગામના કલગામની નઈ તાલીમ શાળાના શિક્ષિકા છાયાકુમારી ડી. પટેલ, ઉમરગામના તલવાડા -ાથમિક શાળાના શિક્ષિકા પૂનમ કે. પંચાલ, ધરમપુરના પેંણધા ગામની આંધોળી -ાથમિક શાળાના શિક્ષિકા દર્શનાબેન આર. પટેલ અને કપરાડાની ચાવશાળા -ાથમિક શાળાના શિક્ષિકા જિજ્ઞાબેન બી. પટેલનું -માણપત્ર, શાલ અને બેંક ખાતામાં રૂ. ૫૦૦૦ પુરસ્કારની રકમ જમા કરી સન્માન કરાયુ હતું.

## રાજ્યના ૨૮ શિક્ષકોને 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક' અર્પણ



**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા. ૫:** રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદના ટાગોર હૉલ ખાતે શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત ભવ્ય સમારોહમાં રાજ્યના ૨૮ શિક્ષકોનું ''શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક''થી સન્માન કર્યું હતું. તદુપરાંત, મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને પણ પ્રતીકાત્મકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ અવસરે શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

મહર્ષિ ઉદ્દાલક અને રાજા અશ્વપતિ કૈકેયના પ્રસંગનું ઉદાહરણ આપતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે શિક્ષકો-આચાર્યો-ગુરુજનોના પ્રતાપે રાજા કૈકેયના રાજ્યમાં એક પણ ચોર, વ્યસની, અભણ, દુરાચારી કે કંજૂસ વ્યક્તિ ન હતી. એક પણ ઘર એવું ન હતું, જ્યાં સવાર-સાંજ હોમહવન ન થતા હોય.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણ માટેની પેઢીનું ઘડતર કરી રહેલા શિક્ષકોની કાર્યનિષ્ઠાની સરાહના કરતા કહ્યુ કે ૨૧મી સદી જ્ઞાનની સદી છે. ''સામર્થ્યવાન ગુરુ, જ્ઞાન અને શિક્ષા-દીક્ષાથી વિદ્યાર્થીને તેજોમય બનાવીને ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે છે'' તેમ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે શિક્ષક સાથે બાળક પોતાનો મોટાભાગનો સમય વિતાવે છે ત્યારે બાળકની જિજ્ઞાસાવૃત્તિ સંતોષવી એ શિક્ષકોનું દાયિત્વ બને છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યુ કે, વિદ્યાર્થીનો શિક્ષણ અને શિક્ષક પ્રત્યેનો આદર, શિક્ષકનું સમર્પણ અને શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે પોતીકાપણા-અપનાપનની ત્રિવેણીથી ગુજરાતે જ્ઞાન-કૌશલ્ય, શિક્ષા-દીક્ષા ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપી છે.

શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે સરસ્વતીના સાધક એવા રાજયના શ્રેષ્ઠ શિક્ષકોને આવકારતાં કહ્યું હતું કે શિક્ષક સમાજની શ્રેષ્ઠ મૂડી છે. જેમની યાદમાં સમગ્ર દેશ આજે શિક્ષક દિવસ ઉજવે છે તે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના રાષ્ટ્રપતિ બન્યા તે પહેલાં એક શિક્ષક જ હતા. શિક્ષકમાં શિક્ષણને ઉજાગર કરવાનું સામર્થ્ય હોય છે. આજે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક પ્રાપ્ત કરનારા રાજયસ્તરે ૨૮, જિલ્લા કક્ષાએ ૯૬ અને તાલુકા કક્ષાએ ૧૮૪ સહિત તમામ શિક્ષકો તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસાધના શિષ્યવૃત્તિ તેમજ મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ મેળવનારા ૧૦ લાભાર્થી વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર તરફથી શિક્ષણ મંત્રીએ અભિનંદન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.આ તકે શિક્ષણ વિભાગ દ્વારા 'વિકાસ ગાથા' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

## બીલીમોરામાં ગણપતિ મહોત્સવ પૂર્વે શાંતિ સમિતિની બેઠક મળી




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**બીલીમોરા,તા.૫:** બીલીમોરા સોમનાથ સંકુલ મોહનલાલ ચુનીલાલ સાંસ્કૃતિક હોલમાં ગુરુવારે સાંજે શાંતિ સમિતિની બેઠક મળી હતી જેમાં વિવિધ ગણેશ મંડળો એ ભાગ લીધો હતો. બીલીમોરા બંદર જેટી ઉપર વિસર્જન વેળા લદાયેલા પ્રતિબંધ અંગે પ્રશ્નોની છડી વરસતા અધિકારી ઓ મુંઝવણમાં મુકાયા હતા.

ગણેશ મંડળો બાપાના આગમનની તૈયારી કરી રહ્યા છે. ત્યારે દાદાનું આગમન, પૂજા, વિસર્જન શોભા યાત્રા શાંતિ પૂર્ણ રીતે પાર પાડવા આગોતરા આયોજન હાથ ધરાયા હતા. ટ્રાફિક નિયમો નું પાલન કરવા અપીલ કરાઈ હતી. પોલીસ તંત્ર આપની સેવામાં ખડે પગે રહેશે, સાથે જ ગણેશ પંડાલના આયોજકો તંત્રને સાથ સહકાર આપી શાંતિપૂર્ણ માહોલમાં ગણેશોત્સવ યાદગાર બનાવે એવી અપીલ કરાઈ હતી. બીલીમોરા અંબિકા નદી બંદર જેટી ઉપર વર્ષ દરમ્યાન ૨૦ ટન રેતી ભરેલી સેંકડો ટ્રકો બિન્દાસ ફરે છે. ત્યારે ગણપતિ વિસર્જન વેળા જ ભક્તો ઉપર પ્રતિબંધ મુકાય છે તે યોગ્ય ન હોવાના પ્રશ્નો ઉઠ્યા હતા. જેને કારણે પ્રાંત અધિકારી અધવચ્ચે સભા છોડી ગયા હતા. જે બાદ પોલીસે સભા સંભાળી હતી. શહેર માં બે કૃત્રિમ તળાવ ની વ્યવસ્થા કરાઈ છે. આ પ્રસંગે ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલ, મામલતદાર જગદીશ ચૌધરી, ડીવાયએસપી ગોહિલ, પીઆઇ આર્ય, ચીફ ઓફિસર મિતલ ભાલાડા, આસુસિંગ લબાના (પીચીભાઈ), શિવજી પટેલ સહિત ગણેશ મંડળોના આયોજકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

**રાજ્યભરમાં તા. ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે ૩૯મું ચક્ષુદાન પખવાડીયું**

## ગુજરાત સરકારે 'મોતિયા અંધત્વ બેકલોગ મુકત ગુજરાત' અભિયાનને વેગ આપી મહાઅભિયાન બનાવ્યું

**રાષ્ટ્રીય નેત્રજ્યોતિ અભિયાન અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૧૪ લાખ જેટલા મોતિયાના સફળ ઓપરેશન કર્યા : રાજય સરકાર હસ્તકની તમામ હોસ્પિટલો ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દર્દીઓ માટે વિના મૂલ્યે આધુનિક નેત્રમણી સાથેના ઓપરેશનની સગવડ : નેત્રજ્યોતિ અભિયાન અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૧૪ લાખ જેટલા મોતિયાના સફળ ઓપરેશન કર્યા : વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ સફળ કીકી પ્રત્યારોપણ પણ થયા**




ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં કહેવાયું છે કે, મૃત્યુ પછી માનવીનું અમૂલ્ય દાન એટલે ચક્ષુદાન.

ભારતમાં રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટ્રીખામી નિયંત્રણ અંતર્ગત આંખના વિવિધ રોગોને કારણે આવતા અંધત્વને રોકવા તેમજ ચક્ષુદાન અંગે જાગૃતિ ફેલાવવા માટેના પ્રયાસો કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ખભેથી ખભો મિલાવીને હાથ ધરવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ દ્રષ્ટિહીન લોકોના જીવનમાં ઉજાસ પાથરવાના ઉમદા આશયથી રાજ્યભરમાં ૩૯મું ચક્ષુદાન પખવાડીયું તા. ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે.

છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૭ લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે. સાથે જ, હાલ રાજ્યમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીને ૧૦ હજારથી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૨મા 'મોતિયા અંધત્વ બેકલોગ મુકત ગુજરાત' અભિયાનને વધુ વેગ આપી મહાઅભિયાન બનાવ્યું છે અને આ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે.

મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીમાં રાજયમાં કાર્યરત ૧,૪૭૬ પ્રાથમિક, ૩૩૩ અર્બન, ૩૪૭ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને ખાસ તાલીમ આપવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજયની દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજયની ૧ રીઝયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, ૨૨ મેડીકલ કૉલેજ, ૨૨ જિલ્લા હોસ્પિટલ, ૩૬ તાલુકા કક્ષાની હોસ્પિટલ અને ૧૨૮ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી એક સંસ્થા ખાતે લીંક અપ કરવામા આવેલ છે.

આ ઉપરાંત રાજયમાં સરકાર હસ્તકની હોસ્પિટલો તેમજ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને ફેકોઈમ્લસીફીકેશન પદ્ધતિથી અત્યંત આધુનીક હાઇડ્રોફોબીક નેત્રમણિ સાથેનુ ઓપરેશન વિના-મુલ્યે કરી આપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ અંદાજીત રૂ. ૬૦ થી ૮૦ હજાર જેટલો થતો હોય છે.

મોતિયાના ઓપરેશનમાં રાજ્ય અગ્રેસર વર્ષ ૨૦૨૨થી કેન્દ્ર સરકારે ૫૦ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને મોતિયાના કારણે અંધ-ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન અંગે 'રાષ્ટ્રિય નેત્રાજયોતિ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકાર તરફથી 'રાષ્ટ્રીય નેત્રજયોતિ અભિયાન' અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ફળવાયેલ ૧,૨૬,૩૦૦ ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૩૬,૪૨૮ એટલે કે ૫૦૦ ટકાથી વધુ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,૫૧,૭૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૧૦,૪૦૦ એટલે કે ૪૦૦ ટકાથી વધુ મોતિયાના ઓપરેશન કરીને ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫માં ફળવાયેલ ૧,૭૬,૯૦૦ના લક્ષ્યાંક સામે જુલાઈ-૨૦૨૪ સુધીની સ્થિતિએ કુલ ૧,૫૨,૭૨૦ એટલે કે ૮૬ ટકા મોતિયાના ઓપરેશનની સફળતા મળી છે.

**ઓપરેશન પછી ફોલોઅપ**

મોતિયા અંધત્વ બેકલોક મુકત ગુજરાત હેઠળ દરેક દર્દીની પ્રાથમિક નોંધણી, સંદર્ભ સેવા, ઓપરેશન સેવા તથા ફોલોઅપ સેવા સુધીની ડેટા એન્ટ્રી માટે વેબ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. જેનું વેબએડ્રેસ https://cataractblindfree.gujarat.gov.in છે. સાથે જ, ઓપરેશન પછી દરેક દર્દીઓના માર્ગદર્શીકા મુજબ ૪૦ દિવસ સુધીના ૫ અંતરાળમા ફોલોઓપ લેવામાં આવે છે.

**ચક્ષુદાન અને કીકી પ્રત્યારોપણમાં પણ ગુજરાત આગેકૂચ**

રાજયમાં વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ કુલ ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ કીકી પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૫૩૬ ચક્ષુદાન અને ૬૨૬ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૬૫૫ ચક્ષુદાન અને ૧,૦૨૦ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫,૪૪૧ ચક્ષુદાન અને ૧,૧૨૧ કીકી પ્રત્યારોપણ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬,૦૮૨ ચક્ષુદાન અને ૧,૪૫૪ કીકી પ્રત્યારોપણ થયા છે. જ્યારે, ચાલુ વર્ષમાં જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ ૨૧૦૪ ચક્ષુદાન અને ૪૮૦ કીકી પ્રત્યારોપણ થયા છે.

સરકાર હસ્તક હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા તમામ ઓપ્ટોમેટ્રીસ્ટને ચક્ષુદાન લેવા માટેની ૧૫ દિવસની સર્ટીફાઈડ તાલીમ પણ અપાઈ છે.

**-પ્રવેશ ભંસાલી**

**દમણગંગા ટાઇમ્સ**
**CORPORATE NEWS**

## એક્ઝોનોબેલ ઈન્ડિયાએ તેનું પ્રથમ ઉબેર-લક્ઝરી ઈન્ટિરિયર ઈમલ્ઝન ડ્યુલક્સ વેલવેટ ટચ એટર્ના લૉન્ચ કર્યું

**સુરત, તા. ૦૫ :** ભારતીય ડેકોરેટિવ પેઈન્ટ ઉદ્યોગમાં ગ્રાહકોને તેના ઈન્ટિરિયર ઈમલ્ઝનની ડ્યુલક્સ વેલ્વેટ ટચ રેન્જ સાથે લક્ઝરી અનુભવો પૂરા પાડ્યાના ચાર દાયકા પછી, એક્ઝોનોબેલઈન્ડિયા લિમિટેડ દેશમાં તેના પ્રથમ ઉબેર લક્ઝરી ઈન્ટિરિયર ઈમલ્ઝન, ડ્યુલક્સવેલવેટટચએટર્નાસાથે લક્ઝરીને નવી વ્યાખ્યા આપવા તૈયાર છે. પ્રથમ વખત ભારતીય ઈન્ટિરિયર ઈમલ્ઝનમાં રજૂ કરવામાં આવેલા અદ્યતન પીયુથીયુક્ત એક્રેલિક, પેઈન્ટને વધુ ટકાઉ અને ધૂળ પ્રતિરોધક બનાવે છે, આમ તમારા ઘરની દિવાલો વર્ષો સુધી ચમકદાર અને સુંદર રહે તે સુનિશ્ચિત કરે છે. તે ટ્રુકલર પ્લસ ટેક્નોલોજી અને એન્ટીઑકિસડન્ટ્સથી પાવર્ડ ભારતમાં પ્રથમ ડ્યુલક્સ પેઈન્ટ છે. ડ્યુલક્સ વેલ્વેટ ટચ એટર્ના તેના તેજસ્વી રંગ વળે લાંબા સમય સુધી તમારી લિવિંગ સ્પેસને સુંદર બનાવી રાખશે. હવે તમે પેઈન્ટિંગ દરમિયાન દુર્ગંધથી હેરાન નહીં થાવ કારણ કે તેમાં રહેલું ટી ટ્રી ઓઈલ તમારા ઘરને સુગંધથી મહેકાવી દેશે.

રોહિત ટોટલા, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર -ડ્યુલક્સના કલર એક્સપર્ટ્સ એટર્નલલવ, એટર્નાલ ફાયર અને એટર્નલ કૉસ્મોસજેવી૧૦ થીમ્સ સાથે ડ્યુલક્સ વેલ્વેટ ટચ એટર્નાનું વિશિષ્ટ એટર્નલ્સ કલેક્શન લાવ્યા છે.જે અમારા ડ્યુલક્સ એશ્યોરન્સTM વોરંટી પ્રોગ્રામ હેઠળ ૧૦ વર્ષની પરફોર્મન્સ વોરન્ટી સાથે આવે છે, એમ રોહિતે કહ્યું.

### દમણ રેડિયો
**102.3 FM**
આકાશવાણી

**શુક્રવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી ) ૦૬.૦૫ -અર્થના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ -અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૭.૪૫-ગુજરાતી સમાચાર, ૦૭,૫૫ - કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦ -અમદાવાદના કાર્યક્રમ ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ . ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ યરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૧૦.૩૦-થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૦.૦૦-હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર, ૦૨.૪૦ - સુગમ સંગીત.

**સાંજ :** (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG) ૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત ૦૫.૦૦ - વિવધ ભારતી -૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ (દમણથી) ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ ગુજરાતી સમાચાર, રાત્રે ૦૮.૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદ નાં કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી ૧૧.૧૦ - સભા સમાપન




### આજનું પંચાગ

**તા.** ૦૬-૦૯-૨૦૨૪, **વારઃ** બુધવાર, **તિથિઃ** ત્રિજ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૫:૫૭ **સૂર્ય અસ્ત :** ૧૯:૨૬ **ચંદ્રરાશિઃ** કુંભ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે.
**મિથુન(ક.છ.ઘ) :** આજનો દિવસ તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે.
**કર્ક(ડ.હ) :** આજનો દિવસ ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો.
**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ.
**કન્યા(પ.ઠ.ણ.) :** ક્કાજનો દિવસ ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.
**તુલા (ર.ત.) :** આજનો દિવસ સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે.
**મકર(જ.ખ) :** આજનો દિવસ સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે.
**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

# દમણ રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડા અંતર્ગત કવિતા લેખન સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫ :** દમણમાં રાજભાષા વિભાગ દ્વારા હિન્દી પખવાડા અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ માટે કવિતા લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પબ્લિક સ્કૂલ, દમણમાં સવારે ૧૧ કલાકે આ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. આ સ્પર્ધામાં દમણ જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભારે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે સ્પર્ધકોએ જણાવ્યું હતું કે આવી સ્પર્ધાઓનું આયોજન અને તેમાં ભાગ લેવાથી લેખન શૈલી સુધરે છે, નવા શબ્દોથી વાકેફ થવાની તક મળે છે અને લેખન ક્ષેત્રે સર્જનાત્મકતા જળવાય છે.

નોંધનીય છે કે રાજભાષા વિભાગ, દમણ દ્વારા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં રાજભાષા વિભાગના સચિવના માર્ગદર્શન અને માર્ગદર્શન હેઠળ હિન્દી પખવાડિયાની ઉજવણી ૦૨/૦૯/૨૦૨૪ થી ૧૧/૦૯/૨૦૨૪ સુધી કરવામાં આવી રહી છે. આ અંતર્ગત વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રેણીમાં, વિદ્યાર્થીઓ માટે ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ હિન્દી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને કર્મચારીઓ અને શિક્ષકો માટે ૦૩/૦૯/૨૦૨૪ ના રોજ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિન્દી પખવાડા અંતર્ગત આયોજિત સ્પર્ધાઓના વિજેતાઓને હિન્દી પખવાડાના સમાપન સમારોહ અને ઈનામ વિતરણ સમારોહ પ્રસંગે ઈનામો એનાયત કરવામાં આવશે.

## દામિની વુમન્સ ફાઉન્ડેશન દ્વારા

# દમણમાં મહિલાઓની સ્વ-ઓળખ માટે સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫:** દમણ જિલ્લામાં દામિની મહિલા ફાઉન્ડેશન દ્વારા મહિલાઓની સ્વ-ઓળખ કેવી રીતે બનાવવી તે અંગે એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્રનું સંચાલન જાણીતા જીવન કોચ ગુરુ સંજય સોનલકર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્ર દ્વારા મહિલાઓને સમજાયું કે વર્તમાન પરિસ્થિતિમાં તેમની કુશળતા અને પ્રતિભાનો ઉપયોગ કેવી રીતે કરવો તેમજ જીવનની દૈનિક પ્રવૃત્તિઓનું સંચાલન કેવી રીતે કરવું. કાર્યક્રમની શરૂઆત દામિની મહિલા ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સ્થાપક સિમ્પલ કટેલાએ ગુરુ સંજય સોનલકરનું સ્વાગત કરીને કરી હતી. છેલ્લા ૧૨ વર્ષથી મહિલાઓના વિકાસ માટે દામિની ફાઉન્ડેશન કાર્યરત છે અને આ સમયગાળા દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન કર્યું છે. હવે ફાઉન્ડેશને બાળકોના સર્વાંગી વિકાસ માટે એક નવો પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેમાં બાળકોને વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ પૂરી પાડવામાં આવશે. નિષ્ણાત અને જીવન કોચ ગુરુ સંજય સોનલકર સાથે મળીને દમણના બાળકોને જીવનના આવનારા પડકારો માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. સત્રમાં મેનેજમેન્ટ ટીમ સહિત ૩૦ થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. ભવિષ્યમાં પણ લાઈફ કોચ ગુરૂ સંજય સોનલકર સાથે વધુ સત્રોનું આયોજન કરવામાં આવશે જેથી સમાજને મહત્તમ લાભ મળી શકે અને શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરી શકાય. દમણના બાળકો માટે આ એક નવી ઓળખ છે અને દરેક માતા-પિતા માટે ગર્વની ક્ષણ છે.

# વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ સ્કુલમાં 'શિક્ષક દિન'ની ઊજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૫:** ૫મી સપ્ટેમ્બર શિક્ષક ની ગરિમા ગાન કરતો દિવસ જેની સાથે શ્રેષ્ઠ ગુરૂ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનુ નામ સંકળાયેલ છે જેમનો જન્મદિવસ સમગ્ર ભારત માં 'શિક્ષક દિન'તરીકે મનાવવા મા આવે છે.

વાપીની શ્રી એલ જી હરિઆ મલ્ટિપર્પઝ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણીના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. શાળા ના આચાર્યા બીની પૌલ, એચ આર અને એડમિન હેડ વિજય રાઉન્ડલ શાળાના શિક્ષક જગદીશચંદ્ર મિસ્ત્રી અને શિક્ષિકા કિરણ પુરીના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ ધોરણ બારના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા. શાળાના શિક્ષકો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા શિક્ષક ભાઈ બહેનો ને ઈનામ આપવામાં આવ્યું. બાળકો એ ખૂબ જ ઉત્સાહ પૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લઇ સમગ્ર શિક્ષકોને શુભેચ્છા કાર્ડ આપી શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી. શાળાના મેનેજમેન્ટ અને આચાર્યા બીની પૌલે સૌને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી હતી.

# ગણદેવી બીઆરસી ભવન માં ૩૩ દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કરાયા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૫:** સમગ્ર શિક્ષા અંતર્ગત ઉજ્જૈન એલિમ્કોના સહયોગથી ગણદેવી બ્લોક રિસોર્સ સેન્ટર માં ૩૩ દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કરાયા હતા.

નવસારી, જલાલપોર અને ગણદેવી તાલુકાના ૩૩ દિવ્યાંગ બાળકોને સોમવારે સાધન વિતરણ કરાયા હતા. જેમાં ૯ વ્હીલ ચેર, ૫ સીપી ચેર, ૮ હિયરિંગ એડ, ૪ સ્માર્ટ કેન , ૭ બ્રેઈલ કીટ વિતરણ કરાઈ હતી.

ગણદેવી તાલુકાના બીઆરસી કોર્ડીનેટર સોનલબેન કનેરિયાએ શાબ્દિક સ્વાગત દ્વારા ઉપસ્થિત સૌને આવકાર્યા હતા, ગણદેવી નગરપાલિકા પ્રમુખ ભાવેશભાઈ, ઉપપ્રમુખ ભાનુબેન પટેલ, ગણદેવી ભાજપ સંગઠન પ્રમુખ રાજુભાઈ વકીલ, નગરપાલિકા ગણદેવીના માજી પ્રમુખ પ્રાણલાલ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મનીષભાઈ તેમજ જિલ્લા આઇ.ઈ.ડી કોર્ડીનેટર ગિરીશભાઈ તેમજ ભાવનાબેન, સરસ્વતીબેન ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન મયંકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સમગ્ર કાર્યક્રમનું આયોજન બી. આર. સી. કો. ઓરડીનેટર સોનલબેન કનેરિયા, કમલેશભાઈ અને IED ની સમગ્ર ટીમે પાર પાડયું હતું.

# વલસાડની જે.પી.શ્રોફ આટ્ર્સ કોલેજમાં સંસ્કૃત ડે ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** સંસ્કૃત વિભાગ દ્વારા સંસ્કૃત ડે નું આયોજન કરવામાં આવ્યું. કોલેજના ઈન્ચાર્જ આચાર્યા ડૉ.સોનલબેન સરાવિયાએ કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્બોધન કર્યુ હતું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. શોભનાબેન ચાંપાનેરીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ જેવી કે સંસ્કૃત નૃત્યો, યક્ષ-યુધિષ્ટિરનો સંવાદ, સંખ્યાક્રીડા, સંસ્કૃત ગીતો, મહિષાસુરમર્દિની અને કાલભૈરવસ્તોત્રગાન, ચાણક્ય જીવનદર્શન નાટક તથા સંસ્કૃત નામ-પરિચય વગેરે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો પ્રારંભ કુ.પીન્કી રાઠોડની સુમધુર પ્રાર્થનાથી થયો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીન્કી રાઠોડ, નિષ્ઠા પટેલ અને પૂજા ચૌહાણે કર્યુ હતું તથા આભારવિધિ હીના કડકીયાએ કરી હતી. આ કાર્યક્રમમાં ૮૫ વિદ્યાર્થીઓ તથા અધ્યાપક મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# સેગવીની સર્વોદય હાઈસ્કૂલમાં તાલુકા યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી વલસાડ દ્વારા સંચાલિત સર્વોદય હાઈસ્કૂલ, સેગવી ના સહયોગ થી વલસાડ તાલુકા કક્ષા યુવા ઉત્સવ ૨૦૨૪-૨૫ સર્વોદય હાઈસ્કૂલ, સેગવી મા જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલીબેન જોષી ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. સેગવી વિભાગ કેળવાણી મંડળના હોદેદાર ઓની પ્રેરક ઉપસ્થિતિ માં દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો .

શાળાના આચાર્ય ઉન્નતિ દેસાઈ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું અને સ્પર્ધક વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. હિમાલીબેન જોષી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. વલસાડ તાલુકાના યુવા ઉત્સવમાં વવિધ શાળાના સ્પર્ધકોએ ૧૫ જેટલી વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ પોતાની કલાને પ્રસ્તુત કરી હતી.

તાલુકા કક્ષાએ વિજેતા સ્પર્ધકો જિલ્લા કક્ષાએ વલસાડ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

# વલસાડ જિલ્લા કક્ષાની સ્પોટ્ર્સ સ્કૂલમાં પ્રવેશ અંગે 'હાઈટ હન્ટ' કાર્યક્રમ દ્વારા પસંદગી થશે

**(દમણગંગા ટાઈમ્સ)**

**વલસાડ, તા. ૫:** સ્પોટ્ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોટ્ર્સ સ્કૂલ યોજના અંતર્ગત હાઈટ આધારે અંડર-૧૫ વયજૂથના ખેલાડી એટલે કે, તા.૦૧/૦૧/૨૦૦૯ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે વલસાડ જિલ્લાકક્ષા પસંદગી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે ઉમરગામ તાલુકાના નારગોલ ખાતે આવેલી એન.એમ. ટાટા વાડિયા હાઈસ્કૂલ ખાતે જન્મ તારીખનો દાખલો અને આધારકાર્ડના પુરાવા સાથે મૂળ ગુજરાતના નિવાસી ખેલાડીઓએ તા.૦૯/૦૯/૨૦૨૪ થી તા.૧૧/૦૯/૨૦૨૪ વચ્ચે કોઈ પણ દિવસે સવારે ૯:૦૦ વાગ્યાથી ૧૨:૦૦ વાગ્યા સુધીમાં ઉપસ્થિત રહેવું. હાઈટ હન્ટની પસંદગી પ્રક્રિયા અંગેની વધુ માહિતી માટે કન્વીનર ચેતસ પટેલનો મો.નં-૯૦૧૬૦૯૩૫૪૯ પર સંપર્ક કરવો. જ્યારે યોજના વિશેની વધુ માહિતી માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરીનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# નવસારી જિલ્લાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૦૫:** નવસારી જિલ્લાકક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬ સપ્ટેમ્બર-૨૦૨૪ ના રોજ જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, કોન્ફરન્સ હોલ, પહેલો માળ, કાલિયાવાડી, નવસારી ખાતે સવારે ૧૧-૦૦ કલાકે યોજાશે.

સપ્ટેમ્બર -૨૦૨૪ ના જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મહેસૂલી તંત્ર, પોલીસ વિભાગ, ગુજરાત વિદ્યુત બોર્ડ, એસ.ટી., પાણી પુરવઠા બોર્ડ, એસ.ટી., પાણી પુરવઠા બોર્ડને લગતા પ્રશ્નો સબંધિત ખાતાના અધિકારી અને કલેકટર સાંભળશે. એક કરતાં વધુ શાખામાં પ્રશ્નો હોય તેવી, સુવાચ્ય ન હોય તેવી, નામ-સરનામા વગરની કે વ્યકિતગત, આક્ષેપોવાળી તેમજ અરજદારનું હિત સંકળાયેલ ન હોય તેવી તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે, પ્રથમ વખતની અરજી અને આ કાર્યક્રમમાં રીપીટનાં પ્રશ્નો પર કોઇ કાર્યવાહી થઇ શકશે નહિ.

જિલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા કોઈપણ અરજદારે ગ્રામકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતને, તાલુકાકક્ષાનો હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં અરજી કરેલી હોવી જોઈએ અને તેનુ નિરાકરણ થયેલું નહિ હોઇ. અગાઉના સબંધિત ખાતામાં કરેલ રજૂઆતનો આધાર તેમજ આપવામાં આવેલ જવાબ/પ્રત્યુત્તરની ઝેરોક્ષ નકલ સાથે રાખવી. અરજદારે પ્રશ્નો અંગેની લેખિત અને ટાઈપ કરેલ અરજી (સંબંધિત વિભાગને કરેલી અરજીની નકલ સાથે) કલેકટર કચેરી, નવસારી ખાતે રજૂ કરવાની રહેશે. અરજી પર ' જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ' એ મુજબ દર્શાવવાનું રહેશે. અરજદારે અલગ-અલગ વિષય દર્શાવતો પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાના રહેશે. અરજદારે અરજી તા.૧૦/૦૯/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે. સરકારી કર્મચારીઓના નોકરીને લગતા -ી રજૂ કરી શકાશે નહિ.


# વાંસદા તાલુકા યુવા ઉત્સવમાં પ્રતાપ હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ઝળક્યા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાંસદા, તા.૫:** વાંસદા તાલુકા કેળવણી મંડળ વાંસદા સંચાલિત શ્રી પ્રતાપ હાઈસ્કૂલ વાંસદાના તાલુકા કક્ષા યુવા ઉત્સવમાં તાલુકા કક્ષાએ શાળાના વિદ્યાર્થીઓએ તેમનામાં રહેલી કલા અને કૌશલ્યની પ્રતિભાની ઝાંખી કરાવતા વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયા હતા. જેમાં ભજન સ્પર્ધામાં લાડ જીયા જીગ્નેશભાઈ વિદ્યાર્થીની એ પ્રથમ નંબર મેળવ્યો હતો.

હાર્મોનિયમ સ્પર્ધામાં દેશમુખ દિવ્યાંગ અજયકુમાર પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. સર્જનાત્મક કારીગીરી સ્પર્ધામાં પટેલ ટ્વિંકલ પ્રકાશભાઈ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો, જ્યારે વાદ્ય સ્પર્ધા - (તબલા) માં ચૌધરી મયુરભાઈ વિજયભાઈ દ્વિતીય નંબર, લોકગીત સ્પર્ધામાં પટેલ ભૂમિકાબેન નિલેશભાઈએ દ્વિતીય નંબર અને લોકગીત અને સમૂહગીતમાં શાળાના ધોરણ ૧૨ –B અને 12-C ના વિદ્યાર્થીઓએ દ્વિતીય નંબર મેળવ્યો છે. ચિત્રકલા સ્પર્ધામાં હિલાલી જાસ્મિન નિસારભાઈ તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. તમામ સ્પર્ધકોને અને કૃતિ તૈયાર કરાવનાર શિક્ષકોને શાળાના આચાર્યએ શાળાનું ગૌરવ વધારવા અને એમની અંદર છુપાયેલી કલા શકિત અને કૌશલ્યને બિરદાવતા અભિનંદન પાઠવ્યા હતા.

# વાપીની રાજેશ્વરી વિદ્યામંદિરમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** શ્રી રાજ રાજેશ્વરી વિદ્યામંદિર, છરવાડા, વાપી. માં પાંચમી સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાનાચેરમૅન સર હિંમતસિંહ જાડેજા એ શિક્ષકોને 'શિક્ષક દિવસ'ની શુભકામના પાઠવી હતી. આચાર્યડૉ. રાજેશ્વરી મૅમ, કાઉન્સિલર મૅમ ભારતી બા જાડેજા મૅમ, શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થીઓ સભાગૃહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની છબી ઉપર હાર ચઢાવી, દીપ પ્રજ્વલિત કરી,વિદ્યાર્થીઓએ સામૂહિક પ્રાર્થના કરી હતી. આ દિવસનો મહિમા જણાવતા વિદ્યાર્થીઓએ વક્તવ્યોરજૂ કર્યા હતા. કેઆ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ છે, ૧૯૬૨ માં, જયારે તેમણે ભારતના રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યું, ત્યારે તેમના કેટલાક વિદ્યાર્થીઓ અને મિત્રો તેમની પાસે પહોંચ્યા અને તેમને તેમના જન્મદિવસની ઉજવણી કરવાની મંજૂરી આપવા વિનંતી કરી. તેણે જવાબ આપ્યો કે મારો જન્મદિવસ અલગથી ઉજવવાને બદલે, જો આ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે તો તે મારા માટે ગૌરવપૂર્ણ લ્હાવો હશે. ત્યારથી, શિક્ષક દિવસ તેમની જન્મજયંતિ એટલે કે ૫ સપ્ટેમ્બરે ઉજવવાનું શરૂ થયું. તેમજ આ દિવસને૫ ઓક્ટોબરના રોજ વિશ્વ શિક્ષક દિન તરીકે પણ મનાવાય છે.તેમજદર વર્ષે આ દિવસે શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષકનું મહત્વ દર્શાવતા આવા માર્ગદર્શક વક્તવ્યો રજુ કર્યા બાદવિદ્યાર્થીઓએ પોતાના મનપસંદ શિક્ષકોનો વિષય પસંદ કરી કક્ષામાં અભ્યાસ કરાવ્યો હતો. આમ, શિક્ષક દિવસની ઉજવણી શાળામાંહર્ષ ઉલ્લાસ થી કરવામાં આવી હતી.

# વાપીની સમર્પણ જ્ઞાન સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)






**વાપી, તા. ૦૫ :** વાપી ખાતે આવેલ સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયંસ ક્લબ ઓફ વાપી અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે શિક્ષક દિનની અનોખી ઉજળણી કરાઈ. આ ઉજળણી માટે ધોરણ ૯ , ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાથીઓ શિક્ષક બની આવી શાળા સંચાલન અને નાના વર્ગોમાં શિક્ષણ કાર્ય સાંભળ્યું હતું. બાળકોએ શિક્ષકો માટે ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં સંગીત, નૃત્ય, નાટકો તેમજ વકત્વ અને રમુજી રમતો રમાડવામાં આવી. શાળા પરિવારનાં શિક્ષકગણોનું ભેટ આપી સન્માન કરાયું આ સાથે બાળકોને પ્રોત્સાહિત કરવા શાળા સંચાલન, શિક્ષણ કાર્ય તેમજ અનુશાસન માટે ભેટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. આ ખાસ અવસરે સ્કૂલ ફાઉન્ડર ટ્રસ્ટી લાયન મૂકેશ પટેલ અને આચાર્યાએ સમસ્ત શાળા પરિવારને શિક્ષક દિવસની શુભકામના આપી હતી. બાળકો નવા કારભાર સંભળાતા ખુબ જ ઉત્સુક અને આનંદિત જણાઈ રહયા હતા. સમગ્ર વાતાવરણ રંગીન બની જવા પામ્યું હતું.

# બીલીમોરામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભુદેવોનો દ્દટ્ઠો વાર્ષિક સ્વાગત સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૫ :** બ્રાહ્મણ એટલે બ્રહ્મને જાણકાર. બીલીમોરામાં સોમવારે બપોરે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભુદેવોનું સ્નેહ સંમેલન યોજાયું હતું.




બીલીમોરા મહાવીર વૃદ્ધાશ્રમના માધુભાઈ પુરોહિત દ્વારા પરંપરા યથાવત રાખી પવિત્ર શ્રાવણ માસના છેલ્લા દિવસે બીલીમોરા દ્વારકાધીશ મંદિર હોલમાં વિશાળ જનમેદની સાથે ભૂદેવો નો દ્દટ્ઠો વાર્ષિક હાર્દિક સ્વાગત સમારોહનું આયોજન કરાયું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટયથી કરાઈ હતી. ભારતની સાંસદમાં લખાયેલું પહેલું વાક્ય છે એકમ સદ વિપ્રા બહુદા વદનતી અર્થાત બ્રાહ્મણ કોઈ જાતિ નથી, વિશ્વની વિચારધારા છે, સમાજની કરોડરજજુ બ્રાહ્મણ છે, ભુદેવ રાજા નથી બનતો પણ રાજાઓનું નિર્માણ કરે છે. આવા તેજસ્વી ભુદેવોનું બીલીમોરા શહેર ખાતે સોમવારે ભવ્ય સ્વાગત સમારોહ યોજાયો હતો. મહાવીર વૃદ્ધાશ્રમના સંચાલક માધુભાઈ પુરોહિત દ્વારા પધારેલ તમામ ભૂદેવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહાનુભાવોને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીલીમોરા પીઆઈ પ્રદિપ આર્ય,ઉત્તર ભારતીય માનવ સેવા સમાજ પ્રમુખ રામબાબુ શુક્લ, રાજપુરોહિત સમાજ પ્રમુખ રામસિંહ રાજપુરોહિત, દેવીપ્રસાદ પાંડે પત્રકાર પ્રબોધ ભિંડે, પત્રકાર અશોક જોષી સહિત ભુદેવ પરિવારની હાજરીમાં દ્વારકાધીશ મંદિર પરિસર હર હર મહાદેવ અને જય પરશુરામનાં નારાથી ગુંજી ઉઠ્યું હતું. માધુભાઈ પુરોહિત દ્વારા બ્રહ્મ સમાજનું સંબોધન કરતા કહ્યું હતું કે નાના મોટા ભેદભાવ ભૂલીને હવે ભુદેવોએ એક થવાની તાતી જરૂરિયાત છે, સાથે જ યુવાનોને સંગઠીત થવાનું આહવાન કર્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભૂદેવો અને વિધાર્થિનીઓ બ્રહ્મભોજન લઈને ધન્યતા અનુભવી હતી.

## પીપલ્સ બેંક ડિરેક્ટર્સ ટ્રેનિંગ પ્રોગ્રામમાં

# ગણદેવીની રિઝર્વ બેંકના નિવૃત્ત મેનેજરે બેકિંગ કાયદા સહિતની માહિતી પ્રદાન કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ગણદેવી, તા.૫:** ગણદેવી પીપલ્સ કો ઓપરેટિવ બેન્ક નાં ડિરેક્ટરો માટે સેલવાસનાં નરોલી સ્થિત પલ્સ રિસોર્ટમાં શનિવારે ટ્રેનિંગ સમારંભ યોજાયો હતો. જેમાં રિઝર્વ બેન્કના નિવૃત્ત મેનેજર જયેશભાઈ ગાંધી એ ડિરેક્ટરોને તેમની જવાબદારીઓ તેમની ફરજો અને તેમને જરૂરી એવા કાયદાઓ બેંકના કેટલાય ટેકનિકલ શબ્દો અંગે સમજણ આપી હતી.

સહકારી બેંકોની વધી રહેલી ડિપોઝિટ, જન સમૂહનો વિશ્વાસ સંપાદન સાથે ગણદેવી પીપલ્સ બેંકની સિદ્ધિઓને વધાવી હતી. કઈ કઈ પેટા સમિતિઓ બનાવવી જોઈએ, બેંક બેન્કિગ સિવાય અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરી શકે છે અને કઈ કઈ સંસ્થાઓને દાનો આપી શકે છે તે અંગે વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે ગણદેવી પીપલ્સ બેંકના ચેરમેન ગોપાલભાઈ ગોહિલે સૌને આવકારતા બેંકની ડિપોઝિટ રૂ. ૨૭૫ કરોડને આંબી ગઈ હોવાનું જણાવ્યું હતું. જેમાં ૧૭૬ કરોડનું ધિરાણ હોવાનું જણાવ્યું હતું. બેંકના જનરલ મેનેજર હિમાંશુભાઈ વૈદ્યે પુષ્પગુચ્છ આપી જયેશભાઈનું અભિવાદન કર્યું હતું. પ્રોગ્રામ દરમિયાન પ્રશ્નોત્તરીમાં કિશોરભાઈ પટેલ પરેશભાઈ અધ્વર્યુ, જ્યોતિબેન દેસાઈ ભાવનાબેન નાયક નિલેશભાઈ શર્મા પ્રજ્ઞેશ પટેલ, મનીષ દેસાઈ, કેયુરભાઈ વશી, મિતેશભાઇ જોષી, નિશિત નાયક, નિલેશભાઈ ગોઝલે, ભુપેન્દ્રભાઈ ઉપાધ્યાય સહિત ડીરેકર્સએ ભાગ લીધો હતો. આભાર વિધિ સેક્રેટરી તુષારભાઈ વશીએ આટોપી હતી. પ્રશ્નોત્તરીમાં લોનની ફાઈલો ચેક કરવા માટેના ડિરેક્ટરોના અધિકારો બાબતે પણ વિગતે ચર્ચા થઈ હતી. આ બાબતે જનરલ મેનેજરે પારદર્શક વહીવટ નો ઉલ્લેખ કર્યો હતો.

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં Test Your Experimental Skills કાર્યક્રમ યોજાયો





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ધરમપુર ખાતે બોમ્બે એસોસિએશન ફોર સાયન્સ એજ્યુકેશન (BASE), નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ (NSCM) અને બેયર વાપી પ્રાઈવેટ લિમિટેડના સંયુક્ત ઉપક્રમે તા. ૦૧.૦૯.૨૦૨૪ ના રોજ ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક કૌશલ્ય-આધારિત કસોટી Test Your Experiment Skills-2024 Level-1 નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કસોટીના ભાગરૂપે વિદ્યાર્થીઓએ હેન્ડબુક મુજબ ૩ કલાકના સમયમાં ભૌતિક, રસાયણ અને જીવ વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કરવાના હતા જેમાં ૭૫ ગુણ મેળવનાર વિદ્યાર્થી ઉત્તીર્ણ થાય છે. જેમાં વલસાડ જિલ્લાની The Wesleyan English Medium higher Secondary School, Vapi નાં કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૬ વિદ્યાર્થીઓ Level-1 માં ઉત્તીર્ણ થયા હતા અને Level 2 માટે ક્વોલિફાય થયા હતા. જેમને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. નિર્ણાયકોએ વિધ્યાર્થીઓ ને ઉપયોગી સૂચનો આપ્યા હતા. Test Your Experiment Skills-2024 Level-1નુ આયોજન આગામી દિવસોમાં થશે? જેમાં વલસાડ જિલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ www.tinyurl.com/skilltestdscd01 પર રજીસ્ટ્રેશન કરી ભાગ લઈ શકશે.

આ કાર્યક્રમ ના ભાગ રૂપે ડૉ.દેહિન ભગત, પ્રો.હેમિલ પટેલ, પ્રો.સાવન પટેલ શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ કરંજવેરી, ધરમપુરએ નિર્ણાયક તરીકે ની ભૂમિકા ભજવી હતી. પ્રજ્ઞેશ ડી. રાઠોડ, એજ્યુકેશન ઓફિસર, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર એ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના ઈનોવેશન હબના મેન્ટર રાહુલ શાહ અને ગાયત્રી બિષ્ટ તથા એજ્યુકેશન ટ્રેની શિવાની પટેલ, કિંજલ પટેલ, સુરેશ ભોયા અને મિલન દેશમુખે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના તમામ સ્ટાફે અમૂલ્ય સહયોગ આપ્યો હતો.

# નિસર્ગ સાયન્સ સેન્ટરમાં ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનવવાની તાલીમ અને સ્પર્ધા યોજાઈ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ પ્રેરિત,નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી,ગાંધીનગરના સયુંકત ઉપક્રમે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની માટીમાંથી મૂર્તિ બનવવાની તાલીમ અને સ્પર્ધા યોજવામાં આવી હતી. નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વૈજ્ઞાનિક જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ અને મહત્વના દિવસોની ઉજવણી કરવામાં આવે છે જેના ભાગ રૂપે આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગર અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સયુંકત ઉપક્રમે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની માટીમાંથી મૂર્તિ બનવવાની તાલીમ અને સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેટેગરી -૧માં ગાંધીનગર જીલ્લાની હાઈસ્કુલના વિદ્યાર્થીઓ અને કેટેગરી-૨માં વિમેન્સ કલબની મહિલાઓએ ભાગ લીધો હતો. વિનોદભાઈ પ્રજાપતિ તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલ જેમને માટીમાંથી ગણેશજીની મૂર્તિ બનાવવાની તાલીમ આપેલ હતી.

આ કાર્યક્રમમાં એસ.વી. માલસત્તાર (પ્રાદેશિક અધિકારી), એ.ડી.ખંધેડિયા, (સેક્શન ઓફિસર), રાહુલ પટેલ (એ.ઈ.ઈ.). ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી,ગાંધીનગરમાંથી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અનીલ પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી- નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર કર્યું હતું. તેમને વિદ્યાર્થીઓને આવી પ્રવુતિઓમાં સતત ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પત્રકાર અને સમાજસેવક નીતિન પટેલે સેવાઓ આપી હતી.

ઈકો ફ્રેન્ડલી ગણેશજીની માટીમાંથી મૂર્તિ બનાવવાની સ્પર્ધામાં કેટેગરી -૧ માં પ્રથમ નંબરે આશા કનુજી ઠાકોર, દ્વિતિય નંબરે કરીના કિશનભાઈ વણઝારા, તૃતીય નંબરે ભૂમિ પ્રવિણભાઈ ઠાકોર તથા આશ્વાસન ઈનામ પરી એ. પટેલ અને વ્રજ એસ. પટેલ ને મળ્યા હતા કેટેગરી -૨ માં પ્રથમ નંબરે મીતા તેજસ ભટ્ટ, દ્વિતિય નંબરે હેમાંગીની ટેલર,તૃતીય નંબરે દર્શના જોશી તથા આશ્વાસન ઈનામ અમીષા પંચાલ અને બીના ઠાકોરને મળ્યા હતા, વિજેતા થનાર વિદ્યાર્થીને રોકડ ઈનામ આપવામાં આવ્યા હતા.મધુરડેરી દ્વારા સ્પર્ધકોને ફલેવર મિલ્ક અને મીઠાઈ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા સંસ્થાના સંયોજક શિવાંગ પટેલ, હાર્દિક ભટ્ટ, હાર્દિક મકવાણા અને વિમેન્સ ક્લબના સંયોજક મીતા ભટ્ટ અને દીપિકા વાઘેલાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગીધરાજ જટાયુનો વંશ વિલુપ્ત થઈ જશે ?

## ૮૦ ના દાયકામાં એક અંદાજ મુજબ ભારતમાં ચારેક કરોડ ગીધ હતાં પરંતુ હવે એ સંખ્યા હજારોમાં આવી ગઈ છે! અને ૮૦ ના દાયકા પછી ગીધોની સંખ્યામાં ૯૯.૯૫ ટકા જેટલો ધરખમ ઘટાડો થઈ ચુક્યો છે



ડાંગનાં ડોન હિલ સ્ટેશન પર ગીધની પ્રતિમા

**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

રામાયણમાં જ્યારે રાવણ, સીતામાતાનું અપહરણ કરીને લંકા જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં એને પડકારનાર ગીધરાજ જટાયુના પાત્રાથી આપણે બાળપણથી પરિચિત છીએ, એ જ રીતે ગીધ જેવી તિક્ષણ દ્રષ્ટિ અને ગીધડાં જેવી મનોવૃત્તિ જેવા શબ્દ પ્રયગોથી પણ આપણે ગીધને ઓળખીએ છીએ. પરંતુ હવે નવી પેઢી માટે કથામાં નહીં પણ હકીકતમાં ગીધપક્ષીનું વાસ્તવિક અસ્તિત્વ માત્ર તસવીરોમાં રહી જાય એવી ચિંતા પક્ષીવિદો અને પર્યાવરણશાસ્ત્રીઓમાં પાછલા ત્રણેક દાયકાથી પ્રવર્તે છે. તેમાં આપણા ગુજરાતની વાત કરીએ તો તજજ્ઞોનો એવો અંદાજ છે કે, જો ગીધનું સંરક્ષણ આપણે નહીં કરી શકીએ તો એ ખરેખર જ આગામી બે દાયકામાં વિલુપ્ત પ્રજાતિ તરીકે સ્વીકારી લેવા પડશે.

ખાસ કરીને ભારતીય ઉપમહાદ્વીપના ભારત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન જેવા દેશોમાં 'વલ્ચર' એટલે કે ગીધની વસ્તીમાં એટલા મોટા પાયે ઘટાડો નોંધાયો કે, એ લગભગ નામશેષ થવાની અણીએ ગણી શકાય. એંસીના દાયકામાં એક અંદાજ મુજબ ભારતમાં ચારેક કરોડ ગીધ હતાં પરંતુ હવે એ સંખ્યા હજારોમાં આવી ગઈ છે! અને ૮૦ના દાયકા પછી ગીધોની સંખ્યામાં ૯૯.૯૫ ટકા જેટલો ધરખમ ઘટાડો થઈ ચુક્યો છે.

મધ્યમવયે પહોંચેલા લોકોએ મોટી સંખ્યામાં ગીધ પોતાના ગામની સીમ કે વનવગડામાં પશુ વગેરેના મૃતદેહોને ચૂંથીને સફાચટ કરતાં જોયાં હશે અને એનાથી ડર પણ પામ્યા હશે, એનાથી જુગુપ્સા પણ અનુભવી હશે પરંતુ આપણામાંથી ઘણાને એનો અંદાજ નહીં હોય કે ગીધ એ મૂળભૂત રીતે શિકારી પક્ષી નથી પણ શિકાર કરેલા કે મૃતપશુ વગેરેના માંસ પર પોતાનો નિભાવ કરે છે. એને તાજું કે સડેલું કોઈપણ માંસ ચાલી જાય છે અને તેથી જ એ કુદરતના 'સફાઈ કામદાર' કહેવાય છે. આપણને એ પણ ભાગ્યે જ ખ્યાલ હશે કે પક્ષી વિજ્ઞાનમાં સિંચાનક કુળના શકરા, ગરુડ, ગીધ, મચ્છીમારનો સમાવેશ થાય છે. એ પૈકી ગીધની પણ જુદી જુદી નવ જેટલી પ્રજાતિઓ હોય છે. એમાંથી ગુજરાતમાં ચાર પ્રકારના ગીધો જોવા મળે છે જેમાં સફેદ પીઠ ગીધ (વાઈટ બેકડ વલ્ચર), ગિરનારી ગીધ (લોંગબિલ વલ્ચર અથવા ઈન્ડીયન વલ્ચર), ખેરો (વાઈટ અથવા સ્કવેન્જર વલ્ચર) અને રાજગીધ (કિંગ વલ્ચર)નો સમાવેશ થાય છે.

પ્રથમવાર ૯૦ના દાયકામાં ગીધના અસ્તિત્વ પર જોખમ હોવાનું વર્તાયું હતું અને આ જોખમ કદાચ વિશ્વમાં પ્રથમવાર બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી સાથે સંકળાયેલા પક્ષીવિદ ડો. વિભુ પ્રકાશે ઓળખ્યું હતું. જોકે, ગીધોના જાન પર તોળાયેલી તલવાર શેની છે ? એ તજજ્ઞો પારખી શકે તે પહેલાં તો ભારતીય ઉપમહાખંડમાં ગીધોની વસ્તી પર યમરાજાનો પંજો ફેલાઈ ચૂક્યો હતો અને એના કારણે પર્યાવરણીય અસંતુલન સર્જાવા સાથે ફૂડ ચેઈન પણ ગંભીર રીતે પ્રભાવિત થઈ હતી. ગીધોના મૃત્યુના કારણો જાણવા તજજ્ઞોએ સંશોધનો હાથ ધર્યા ત્યારે જણાયું કે ગીધ જેના પર નિર્ભર છે એવા પશુઓની કોઈ કમી નથી. એ જ રીતે એમના માળા અને વસ્તીને અસર કરે એવી ભૌગોલિક સ્થિતિ પણ કાંઈ બધી જગ્યાએ વિપરીત નથી. અંતે તજજ્ઞોને સાતેક વર્ષના અભ્યાસના અંતે ઈ.સ. ૨૦૦૭માં સમજાયું કે મોટાપાયે ગીધોનું નિકંદન કરી રહેલો વિલન એ પશુઓમાં દુ:ખાવો, તાવ કે સોજાની સારવારમાં વપરાતી સસ્તી અને સુલભ 'ડાઈકલોફેનક' નામની દવા છે. ગીધ એના ઘટકોને પચાવી શકતું નથી અને યુરિક એસિડના જમાવડાથી ગીધના મૂત્રપિંડો નિષ્ફળ જતાં ગીધોના મૃત્યુ થઈ રહ્યા છે. આ જ વર્ષોમાં ડાઈકલોફેનકનો ઉપયોગ પણ વિપુલ પ્રમાણમાં જોવા મળ્યો હતો. આ જ પ્રકારના સંશોધનો ભારતમાં પણ થયાં અને એને પણ સમર્થન મળ્યું. અંતે ઈ.સ. ૨૦૦૮માં ભારતે એના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર અંકુશ સાથે પ્રતિબંધ મૂક્યો. ભારત, પાકિસ્તાન, નેપાળમાં પણ પ્રતિબંધ મુકાયો અને ગુજરાતની વાત કરીએ તો એ અરસામાં ગુજરાતમાં ગીધોની વસ્તી ઈ.સ.૨૦૦૫ માં ૨૬૪૭ હતી જે ઈ.સ. ૨૦૦૭માં ૧૪૩૧ જેટલી જણાઈ હતી. હાલના સમયની વાત કરીએ તો ઈ.સ. ૨૦૧૮ તે માત્ર ૮૨૦ અને ૨૦૨૨ દરમિયાન ગુજરાતમાં એ ૫૦૦ ની આસપાસ પહોંચી ! ખાસ કરીને સફેદપીઠ ગીધ અને ગિરનારી ગીધનું તો અસ્તિત્વ જ જાણે વિલુપ્ત થઈ ગયું! ગીધોના આવા નિકંદન માટે ડાઈકલોફેનક જ માત્ર જવાબદાર છે એમ નથી. એ ઉપરાંત પશુચિકિત્સામાં વપરાતા કીટોપ્રોફેન, નિમેસુલાઈ, એસીકલોનક વગેરે પણ નુકસાનકારક ગણાઈ રહ્યા છે અને એના પર પણ તજજ્ઞોનું ધ્યાન ગયેલું છે. જોકે હવે આંતરરાષ્ટ્રીય સ્તરેથી 'ડોઈકલોફેનક' ના વિકલ્પ તરીકે 'મેલોક્સીકેમન'ને સલામત વૈકલ્પિક દવા તરીકે સ્વીકારવામાં આવી છે અને ભારતમાં પણ ૫૦ એક કંપનીઓનું ઉત્પાદન કરી રહી છે. એ વાત પણ અત્રે નોંધવી જોઈએ કે ગીધોના સંરક્ષણ અને સંર્વધન માટેના સક્રિય પ્રયાસોના કારણે હવે ગીધોના નિકંદનની ઝડપ પર બ્રેક જરૂર લાગી રહી છે.

કુદરતના સફાઈ કામદાર તરીકેની સેવા આપતાં પણ અળખામણાં નિવડેલા ગીધોના જીવન ઉપર આવેલા જોખમને પર્યાવરણ વિદોએ અને પછી સરકારે પણ પારખ્યું અને એના સંરક્ષણ માટેના ઉપક્રમો હાથ ધર્યા છે. પ્રથમ વાર બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (બીએનએચએસ) દ્વારા ચંદીગઢના પિંજોરમાં ગીધો માટેનું બ્રીડિંગ સેન્ટર બનાવાયું હતું. જે વિશ્વમાં પણ કદાચ પ્રથમ હતું અને એને નમૂનારૂપ ગણી ત્યાર પછી દેશમાં અને ગુજરાતમાં પણ એવા બ્રિડિંગ સેન્ટરો વિકસાવવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારે પણ ઈ.સ. ૨૦૨૦ થી ૨૦૨૫ દરમિયાન ગીધોના સંરક્ષણ અને સંવર્ધન માટેનો એક્શન પ્લાન અમલમાં મૂક્યો છે. ગીધોના અસ્તિત્વને જોખમમાં મુકનારા પરિબળોની ઓળખ પણ કરાઈ. આ માટે કેન્દ્રની યોજના મુજબ ગીરમાં સફેદપીઠ ગીધ, ગિરનારી ગીધ અને રાજગીધ પર સૌરઉર્જા સંચાલિત જીપીએસ ટેગ લગાડી ગીધોના પ્રવાસ અને એના વિસ્તાર વગેરે વિશે સંશોધન હાથ ધરાયું છે. આવા અભ્યાસોને કારણે ગીધોના રહેઠાણ માટેના માળાના પ્રશ્નો, ઉંચા વૃક્ષોનું અસ્તિત્વ ઉપરાંત એમના રહેઠાણથી ૭૦ થી ૮૦ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારોમાં ખોરાકની એટલે કે મૃતપશુઓની ઉપલબ્ધતા, કૃષિપાક અને પશુપાલનની પ્રવૃત્તિ-પદ્ધતિમાં ફેરફારો, જેવા પરિબળો પણ ધ્યાનમાં આવ્યાં છે.

વધુમાં ગીધોનું અસ્તિત્વ જોખમતાં માનવજીવન પર એની કેટલી હદે વિપરીત અસર પડી શકે છે એ પણ ધ્યાનમાં આવ્યું અને અમેરિકન ઈકોનોમિક એસોસિયનના જર્નલમાં તો ત્યાં સુધી કહેવાયું કે, પાછલા પાંચેક વર્ષમાં જ કહેવાય છે કે પાંચેક લાખ લોકોના મૃત્યુના કારણ પણ ગીધોની ઘટતી વસ્તી ને કારણે થયાં ! આ કારણ અને તારણ સહજ રીતે ગળે ન ઉતરે એમ બને. પણ એવું જણાયું છે કે, ગીધોનું અસ્તિત્વ ઘટવાના કારણે જે મૃતપશુઓના તાજાં કે સડેલા માંસનો નિકાલ થવો જોઈએ એ રીતે થઈ નથી રહ્યો. કુતરાં કે અન્ય પશુપંખીઓ માંસનો ખોરાક તરીકે ગીધની માફક અસરકારક અને વિપુલ વપરાશ કરી શકતા નથી. જેને કારણે જીવલેણ બેક્ટેરિયાઓ વધે છે અને ચેપી રોગો પણ વધે છે જે મોતના કારણ બને છે.

ગીધોની વસ્તીની નાબુદીની અસર પારસી પ્રજાની મરણ પછીની સ્થિતિ પર પણ પડી છે. મૃતદેહોના અંતિમ સંસ્કાર માટેના દખ્માઓ પણ નિરર્થક બન્યા છે.

પર્યાવરણમાં બધુ પરસ્પર સંકળાયેલું છે અને એકબીજા પર એની અસરો પણ પડતી હોય છે. પછી ભલે આપણે એ જોઈ શકીએ અથવા ન પણ જોઈ શકીએ. પારિસ્થિતિક સંતુલન (ઈકોલોજીકલ બેલેન્સ)ની બાબતમાં ગીધો પર આવેલું આ સંકટ અનેક રીતે રેડ સિગ્નલ જેવું ગણાયું છે અને તેથી દર વર્ષે સપ્ટેમ્બર માસના પહેલા શનિવારે ઈ.સ. ૨૦૦૯થી 'ઈન્ટરનેશનલ વલ્ચર એવરનેસ ડે' ઉજવવામાં આવે છે. આ વર્ષે સાતમી સપ્ટેમ્બરના રોજ એની ઉજવણી થશે. ભારતમાં વર્લ્ડવાઈડ ફંડ ફોર નેચર (ડબલ્યુ.ડબલ્યુ.એફ.) દ્વારા બર્ડ કાઉન્ટ ઈન્ડિયા અને ઈ-બર્ડના સહયોગથી દેશભરમાં શોખીન પક્ષીનિરીક્ષકો, પર્યાવરણ પ્રેમીઓ અને એનજીઓના માધ્યમથી ગીધોની રાષ્ટ્રવ્યાપી ગણતરી હાથ ધરાશે. જે છ ઓક્ટોબર સુધી એટલે કે એક માસ સુધી ચાલશે. આ ઉજવણીનો હેતુ સામાન્ય નાગરિકોમાં પર્યાવરણ અને વિજ્ઞાન અંગેની જનજાગૃતિનો છે. આ પ્રકલ્પ હેઠળ પાછલા ત્રણ વર્ષનો ઈ-બર્ડનો રેકોર્ડ દર્શાવે છે કે, આ પ્રવૃત્તિમાં વર્ષોવર્ષ દેશના વધુ રાજ્યો, વધુ સ્વયંસેવકો જોડાઈ રહ્યા છે અને દેશના વિવિધ ભાગોમાં ગીધોની હાજરીની નોંધ આવી રહ્યા છે. આ વર્ષે ગુજરાતમાં આ ઉજવણીના ભાગરૂપે ગીધોની વસ્તી ગણતરી માટે કચ્છ અને ડાંગ પર ધ્યાન કેન્દ્રિત કરાયેલું છે .

જોકે ગીધોના સંરક્ષણ અને સંવર્ધન માટેના પ્રયાસો ગુજરાતમાં પણ ઘણા વખતથી ચાલે છે જેમ કે ભાવનગર જિલ્લાના મહુવામાં ગીધો માટે ફીડિંગ સાઈટનો વિકાસ કે જનજાગૃતિ માટે 'ગીધ મિત્રો' બનાવી એ દિશામાં જન ભાગીદારી ને પ્રોત્સાહન જેવા પ્રયાસો થયા છે. તો ગુજરાત પક્ષી નિરીક્ષણ મંડળ ના 'વિહંગ' જેવા પ્રકાશનોમાં ગુજરાતમાં ગીધ ક્યાં જોવા મળ્યા અને તેમના વર્તન કે અન્ય બાબતો નું શું અવલોકન કોણે કર્યું ?

જેવી બાબતોના અહેવાલ, અભ્યાસ અને નિરીક્ષણ 'ગીધ પર જાપ્તો' મથાળા હેઠળ પ્રકાશિત કરાતા હતા. એની નોંધ લેવી જોઈએ. હવે આગામી ૨૯ સપ્ટેમ્બર ના રોજ પણ અમદાવાદમાં ગીધ બાબતે એક નેશનલ સીમ્પોઝીયમનુ આયોજન થઈ રહ્યું છે. જેમાં ગીધના સંરક્ષણ બાબતે પક્ષી શાસ્ત્રીય તજજ્ઞો અને પર્યાવરણ પ્રકૃતિ પ્રેમીઓ મંથન કરશે.

# ધ્રોલ વિજ્ઞાન કેન્દ્રમાં રૂરલ આઈ.ટી. કવીઝ યોજાઈ




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ-ગાંધીનગર પ્રેરિત અને એમ.ડી.મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત એમ.ડી.મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર, ધ્રોલ દ્વારા ડી.ઈ.ઓ. કચેરી, ડી.પી.ઈ.ઓ. કચેરી જામનગરના સંયુક્ત ઉપક્રમે ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે જાગૃતિ આવે, ગામડાના બાળકોમાં જ્ઞાન પિપાસા વધારવા જામનગર જિલ્લાના ધો.૮ થી ૧૨ ના ગ્રામ્યવિસ્તારના બાળકો માટે ''નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ''નું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ૩૦ શાળાના ૧૨૦ જેટલા બાળકો ઉત્સાહભેર સામેલ થયા. આ કવિઝમાં વ્યક્તિગત બાળકોને ૧૫ જેટલા વૈકલ્પિક પ્રશ્નો લેખિત સ્વરૂપમાં પૂછવામાં આવેલ. આ ૧૨૦ બાળકોમાથી શ્રેષ્ઠ ૧૫ બાળકોને રાજયકક્ષાની ક્વિઝ માટે પસંદ કરવામાં આવેલા. કાર્યક્રમમાં સામેલ તમામ બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. શ્રેષ્ઠ ૧૫ બાળકોમાં શ્રી દિવ્યજયોત વિદ્યાલય કાલાવડમાંથી શિવ ચેતનભાઈ ચોવટીયા, શિવરાજસિંહ શક્તિસિંહ જાડેજા, દિશાંત ભાવેશભાઈ ચીખલિયા, શ્રી ડેલ્ટા પ્રાથમિક શાળા સોયલમાંથી યશ પ્રકાશભાઈ અરાબડીયા, સ્નેહ ધમેન્દ્રભાઈ ક્કાણીયા, શ્રી ચંદ્રસિંહજી હાઈસ્કૂલ ધ્રોલમાંથી દેવાભાઇ અમરશીભાઈ મોનેરા, શ્રી મોટા વાગુદડ કુમાર શાળા મોટા વાગુદડમાંથી અર્જુનસિંહ ભુપેન્દ્રસિંહ જાડેજા, શ્રી જી.એમ. પટેલ સ્કૂલ ધ્રોલમાંથી ઉર્મિલા આશોકભાઈ ગાગળ, શ્રી નવજીવન માધ્યમિક શાળા નિકવામાંથી પ્રતીક્ષાબા ભૂપેન્દ્રસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ જગદીશસિંહ જાડેજા, વિવેકપુરી ચેતનપુરી ગોસ્વામી, શ્રી વિવેકાનંદ વિદ્યામંદિર પીઠડમાંથી પ્રિન્સ રમેશભાઈ ચૌહણ, શ્રી એમ.ડી. મેહતા ગર્લ્સ સ્કૂલ ધ્રોલમાંથી જીયા રાકેશભાઈ પ્રજાપતિ, કાવ્યાનીબા બ્રિજરાજસિંહ ગોહિલ, શ્રી બી.એમ.પટેલ વાંકિયા માંથી નૈતિક જયસુખભાઈ ભીમણીને રાજયકક્ષાની ''નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ'' માટે પસંદ કરવામાં આવેલ.

# ડાંગ જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

દરવર્ષ જેમ નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, કોલકતા નેહરુ સાયન્સ સેન્ટર, મુમ્બઈ તથા ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર- ડાંગ આહવા ખાતે કૃત્રિમ બુધ્ધીમત્તા સંભાવના અને ચિંતાઓ વિષય પર જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર યોજાયો હતો. જેમાં ડાંગ જીલ્લાની માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

કાર્યક્રમમાં રાજય કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર માટે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ, આહવાના ભોયે ઉદય સંજયભાઈ પ્રથમ ક્રમે અને દિપદર્શન માધ્યમિક શાળા, આહવાના ગાઈન પ્રદિપ ઉમેશભાઈ બીજા ક્રમે પસંદગી મેળવી છે.

જેઓ હવે રાજય કક્ષાના નેશનલ સાયન્સ સેમિનાર માટે ગુજરાત સાયન્સ સિટી, અમદાવાદ ખાતે જશે. ઉપરોક્ત કાર્યક્રમમાં ભુમિકાબેન ટી. પટેલ, ભદરપાડા, હરીશભાઈ પી. દેશમુખ, દિપદર્શન માધ્ય. શાળા, આહવા અને ઘેલાભાઈ કે. પટેલ, સુબિર, દ્વારા નિર્ણાયક તરીકે ભુમિકા ભજવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કોઓર્ડીનેટર રતિલાલભાઈ સુર્યવંશી દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે સાયંસ કોમ્યુનિકેટર સંજયભાઈ બાગુલ દ્વારા સહભાગીઓ તેમજ નિર્ણાયકઓનો આભાર માનવામાં આવ્યો હતો.

# જૂનાગઢ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૪ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકારના ગુજકોસ્ટ, શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૪ યોજવામાં આવી હતી જેમ ની થીમ કૃત્રિમ બુદ્ધિમતા સંભાવનાઓ અને ચિંતાઓ (Artificial intelligence: potential & concerns) રાખવામાં આવેલ આ સ્પર્ધામાં ૨૩ શાળાના વિદ્યાર્થિઓએ ભાગ લીધો હતો. વિષય ને અનુરૂપ વિધાર્થીઓ દ્વારા ૬ મિનિટનું પ્રેઝન્ટેશન આપ્યું હતું જેમાં પ્રથમ ક્રમાંક વિઠલાણી પ્રિશા જાવિયા સ્કુલિંગ સીસ્ટમ જુનાગઢ તથા દ્વિતીય સ્થાને વાઢેર ક્રિશા પ્રેમાનંદ વિદ્યા મંદિર જુનાગઢ રહિયા હતા. હાલ રાજ્ય કક્ષા માટે અમદાવાદ સાયન્સ સીટી ખાતે જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે આ તકે દરેક વિદ્યાર્થીઓને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પૂ. મુકુતાનંદજી બાપુ તથા ચેરમેન ગિજુભાઈ ભરાડ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી. તેવી લોક વિજ્ઞાન કેન્દ્રના કોઓર્ડીનેટર પ્રતાપસિંહ ઓરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269

# સોળસુંબા ગ્રા. પં.ના સરપંચ પદે બળવંતભાઈ અને સભ્ય તરીકે અમિત મણીલાલ પટેલએ પુનઃ હોદ્દો સંભાળ્યો



## હવે વિવાદિત ગ્રામ પંચાયત નહીં પરંતુ સર્વાંગી વિકાસની દિશામાં આગેકુચ કરતી સોળસુંબા ગ્રામ પંચાયતની ઓળખ માટે સૌ સભ્યો અને ગ્રામજનોને સાથે લઈ કામ કરીશું : પૂર્વ સરપંચ અને વર્તમાન સભ્ય અમિતભાઈ પટેલ



## વિપરીત સંજોગોમાં અનેક સ્નેહીજનો અને મિત્રોએ મદદ કરી એ તમામનો હૃદય પૂર્વક આભાર : મણિલાલભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ







## મોટી સંખ્યામાં સ્નેહીજનોને મિત્રો શુભકામના આપવા ઉપસ્થિત રહ્યા

## ઈન્ચાર્જ સરપંચ તરીકે જવાબદારી સંભાળ્યા બાદ સોળસુંબામાં સર્વાંગી વિકાસ માટે મહત્વના વિકાસ કામોનું અમલીકરણ કર્યું અને મોટાભાગના વિકાસકામો પૂર્ણ કર્યા હવે આગામી સમયમાં સૌ સાથે મળી સોળસુંબાનો વિકાસ કરીશુ : ઈન્ચાર્જ સરપંચ કરસનભાઈ ભરવાડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** ઉમરગામ તાલુકામાં સોળસુંબા ગ્રામ પંચાયત ના સરપંચ બળવંતભાઈ અને સભ્ય અમિતભાઈ પટેલને જે તે સમયે જિલ્લા વિકાસ અધિકારીએ માર્કેટ પ્રકરણમાં પદ ઉપરથી દૂર કર્યા હતા. ત્યારબાદ ગાંધીનગર વિકાસ કમિશનર સમક્ષ જિલ્લા વિકાસ અધિકારીના હુકમ સામે દાદ મેળવવા સરપંચ બલવંતભાઈ અને સભ્ય અમિતભાઈ પટેલે ગુહાર લગાવી હતી સમગ્ર મામલે અધિક વિકાસ કમિશનર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને સંબોધી હુકમ કરાયો હતો. જેમાં બલવંતભાઈ અને અમિતભાઈ પટેલને સાંભળવા ફરી સુનાવણી હાથ ધરવા જણાવ્યું હતું અને અગાઉના જિલ્લા વિકાસ અધિકારીનો હુકમ રદ કર્યો હતો જેના આધારે સરપંચ બળવંતભાઈ અને સભ્ય અમિતભાઈએ આજરોજ સોળસુંબા ગ્રામ પંચાયત કચેરી ખાતે સમર્થકો સ્નેહીજનો અને પરિવારજનોની ઉપસ્થિતિમાં વિધિવત પદ ભાર સંભાળ્યો હતો.

બપોરે ૧૨:૩૦ કલાકે સોળસુંબા ગ્રામ પંચાયત સભાખંડમાં ઈન્ચાર્જ સરપંચ કરસનભાઈ ભરવાડ એ બળવંતભાઈને પુનઃ સરપંચ તરીકે પદ ઉપર જવાબદારી સોંપી અભિનંદન પાઠવ્યા હતા સાથે જ સભ્યો અમિતભાઈ પટેલને પણ શુભકામના આપી હતી. તેઓના કાર્યકાળ દરમિયાન સોળસુંબા ના વિકાસ માટે કરેલા કામો વિશે ઉપસ્થિતોને જાણકારી આપી સૌના સહકાર બદલ આભાર પ્રગટ કર્યો હતો. પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલે વિપરીત સંજોગોમાં સહકાર આપનાર સૌ સ્નેહીજનોનો આભાર પ્રગટ કર્યો હતો અને સૌ સાથે મળી સોળસુંબાનો વિકાસ કરીએ ભૂતકાળના તમામ મતભેદો ભૂલી સૌ સાથે મળી સૌના સાથ સૌના વિકાસના સૂત્ર અને સાર્થક કરીએ તે માટે સૌને અનુરોધ કર્યો હતો. સોળસુંબા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને હાલના સભ્ય અમિતભાઈ પટેલે જે માર્કેટ પ્રકરણ સંદર્ભે તેઓને પદ ઉપરથી દૂર કરાયા હતા તે અંગે સ્પષ્ટતા કરતા તેઓએ જણાવ્યું હતું કે માર્કેટનું નિર્માણ ગેરકાયદેસર નથી કરાયું પરંતુ ઉપલી કચેરીમાં મંજૂરી ન લીધી હોય જેને કારણે કાયદાની જોગવાઈ મુજબ અમે સજા ભોગવી છે આગામી સમયમાં નિયમ અનુસાર જરૂરી વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી વેપારીઓને દુકાનનો ભોગવતો મળી રહે તે માટે પૂરતા પ્રયાસ કરીશું સાથે જ તેઓએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતના સભ્યો એ જે કોઈ રજૂઆત હોય તે પંચાયત કચેરીમાં આવી જણાવે તમામ સભ્યો અને ગ્રામજનોની સાથે મળી સોળસુંબા ગ્રામ પંચાયતના સર્વાંગી વિકાસ માટે બાકી રહી ગયેલા કાર્યકાળમાં નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરીએ તેમ જણાવ્યું હતું સાથે જ તેઓએ છેલ્લા એક વર્ષના કપરા સમયગાળા દરમિયાન પ્રશાંતભાઈ કારૂળકર એ પરિવારના મિત્ર તરીકે જે મદદ પુરી પાડી તે માટે તેઓના આભાર પ્રગટ કર્યો હતો સાથે અન્ય એક મિત્ર કે જેઓ પંચાયત કચેરી ખાતે હાજર હતા પણ તેઓના નામનો ઉલ્લેખ ન કરતા અમિતભાઈ પટેલે જણાવ્યું હતું કે ન્યાયની લડતમાં ડગલેને પગલે મિત્રનો સાથ રહ્યો હતો.

સોળસુંબા ગ્રામ પંચાયતમાં છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમય થી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને સોળસુંબા ગ્રામ પંચાયતના માજી સરપંચના માર્ગદર્શન હેઠળ પદ ભાર સંભાળનાર તમામ સરપંચો અને સભ્યોએ ગામના વિકાસ માટે નોંધપાત્ર કામગીરી બજાવી છે આગામી સમયમાં પણ સૌ સાથે મળી ગામનો વિકાસ કરવાનો નિર્ધાર કર્યો હતો. ઉપસ્થિત સૌ સ્નેહીજનો મિત્રો અને પરિવારજનોએ પુષ્પગુ આપી સરપંચ બલવંતભાઈ અને સભ્ય અમિતભાઈ પટેલને શુભકામના પાઠવી અભિનંદન આપ્યા હતા.

# નારગોલ ગામે વિશ્વ નાળિયેરી દિવસની ઉજવણીમાં દ.ગુ. ખેડૂતો જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, ૪ :** નારગોલ ગામે વિશ્વ નાળિયેરી દિવસની ઉજવણીમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતો જોડાયા હતા. આ અંગે મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯માં વિશ્વ નાળિયેરી દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. સમગ્ર ભારતમાં નારીયેળીનું વાવેતર ૨૧૫૩.૭૪ હજાર હેક્ટર વિસ્તારમાં છે જેમાંથી ૧૯૩૦૯.૯૦ મિલિયન નટ્સનું ઉત્પાદન સાથે ઉત્પાદકતા ૮૯૬૬ નંગ નારિયેળ પ્રતિ હેક્ટર છે જે અન્ય દેશો કરતા સૌથી વધારે છે. ભારતમાં મુખ્યત્વે કેરળ, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક જેવા રાજ્યો નારિયેળીના વાવેતરમાં આગળ છે. સંપૂર્ણ ભારતમાં કુલ ૭૧૫૬ કિલોમીટર દરિયાકાંઠાની લંબાઈ છે જે પૈકી ગુજરાત રાજ્યનો સૌથી વધારે લંબાઈ ધરાવતો ૧૬૦૦ કિલોમીટર દરિયા કિનારો આવેલો છે જેમાં નારિયેળનું વાવેતર ૨૫,૫૯૬ હેક્ટર વિસ્તારમાં છે જે ભારતના વાવેતરના માત્ર ૧ ટકા જેટલો હિસ્સો છે. ગુજરાત રાજ્યના અનેક જિલ્લાઓમાં નારીનું વાવેતર મોખરે છે. નાળિયેરીની ખેતી અંગે ખેડૂતોને આધુનિક પ્રશિક્ષણ અને માર્ગદર્શન મળે તે હેતુથી બીજી સપ્ટેમ્બર ના દિવસે ભારત સહિત એશિયા પેસિફિક ક્ષેત્રના કેટલાક દેશોમાં વર્લ્ડ કોકોનટ ડે તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે નવસારી કૃષિ યુનિવર્સિટી બાગાયત મહાવિદ્યાલય ખાતે એ. આઇ. સી. આર. પી. (પામ્સ) યોજના અને નાયબ બાગાયત નિયામક વલસાડના સંયુક્ત ઉપક્રમે નારીયળીની આધુનિક ખેતી પદ્ધતિ સમસ્યા અને સમાધાન શિર્ષક હેઠળ દક્ષિણ ગુજરાતના નારીયળીની ખેતી કરતા ખેડૂત ભાઈ-બહેનો માટે એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન બીજી સપ્ટેમ્બર એટલે કે વિશ્વ નાળિયેરી દિવસના (WORLD COCONUT DAY) ની ઉજવણી તા. ૦૪/૦૯/૨૦૨૪ ના દિને સવારે ૯:૦૦ કલાકેથી ભંડારી સમાજ નારગોલ સાંસ્કૃતિક ભવન જગદંબાધામ નારગોલ તા. ઉમરગામ જી. વલસાડ ખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભવો હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમ સ્થળે વિવિધ પાક તેમજ નારિયળ તેમજ નારિયેળની ખેતી સંબંધિત ઓજારો અને સામગ્રી અને રોપા પ્રદર્શન મૂકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિમિત્તે ડોક્ટર ઝેડ પી પટેલ કુલપતિ નવસારી કૃષિ યુનિવર્સિટી, આર.એમ. નાયક આચાર્ય અને ડીન અસ્પી બાગાયત મહાવિદ્યાલય નવસારી, જી. આર. નાયક વિદ્યાર્થી કલ્યાણ નિયામક નારગોલ ગામના સરપંચ સ્વીટી ભંડારી, નિકુંજભાઈ પટેલ નાયબ બાગાયત નિયામક શશીકાંતભાઈ પટેલ અધ્યક્ષ કિસાન સંઘ વલસાડ જિલ્લા, નરેશભાઈ સાવે પ્રગતિશીલ ખેડૂત દેહરી, ડી.કે શર્મા પ્રાધ્યાપક અને વડા ફળ વિજ્ઞાન વિભાગ, જીલેણ માયાની મદદનીશ પ્રાધ્યાપક, જયપ્રકાશ ભંડારી અધ્યક્ષ કિસાન સંઘ ઉમરગામ તાલુકા, પંકજભાઈ ભાલેરાવ મદદનીશ પ્રાધ્યાપકની વિશેષ હાજરી જોવા મળી હતી.

ઉમરગામ તાલુકા સહિત દક્ષિણ ગુજરાતના અનેક પ્રગતિશીલ ખેડૂતોએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમમાં ખેડૂતોને નારિયેળમાં ઉત્પાદન વધારવા માટેના મુખ્ય મુદ્દાઓ તેમજ બહુઉદેશ્યપાક પદ્ધતિ, નારીયાળીમાં રોગ-જીવાતોનો સંકલિત નિયંત્રણ, નારિયેળીમાં મૂલ્ય વર્ધન અને નારીયારી પાકમાં રાજ્ય સરકાર તરફથી મળતી વિવિધ સહાય યોજનાઓ જેવા વિવિધ વિષયો ઉપર મહાવિદ્યાલય તેમજ બાગાયત ખાતાના તજજ્ઞો મારફત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઝરોલી માર્ગ હંગામી ધોરણે ૨૨ સપ્ટેમ્બર સુધી બંધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** જિલ્લાના ઝરોલી ગામ પાસેના ક્રોસીંગ બ્રીજ ખાતે ક્રોસિંગ બ્રીજના સુપર સ્ટ્રક્ચર ગર્ડર સેગમેન્ટની સ્થાપના કરવા માટે ઝરોલી ગામ પાસેના રોડને હંગામી ધોરણે બંધ કરી તારીખ ૨૨મી સપ્ટેમ્બર સુધી આ માર્ગ તમામ વાહનોના અવરજવર માટે બંધ રહેશે. આ સમય દરમિયાન ઝરોલી સોની ફળિયાથી ઝરોલી છીપવાડ ફળિયા સુધી અંદાજીત ૨ કિમી સુધી ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. આ માર્ગ મારફતે વાહનો અવર જવર કરી શકશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ. આર. જહાંએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ‘એક પેડ મા કે’ નામ અંતર્ગત

# ઉમરગામ તાલુકા ભાજપ લઘુમતી મોરચા દ્વારા વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** ઉમરગામ તાલુકા ભાજપ લઘુમતી મોરચા દ્વારા આયોજિત એક પેડ મા કે નામ અંતર્ગત જૂની આર.ટી.ઓ ઓફિસ-ભીલાડ પાસેની ગરીબ વસાહતમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતો ઉમરગામ તાલુકા ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ જફરૂલ્લાખાન તથા મહામંત્રી અશરફ ચુડાસમા ના હસ્તે વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

આજુબાજુના રહીશોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લઈને વૃક્ષો વાવ્યા હતા.

એક પેડ માંકે નામ કાર્યક્રમમાં જોડાઈનેને વેગવંતો બનાવીએ. આપણે સૌ સાથે મળીને અનેક માત્રામાં વૃક્ષો વાવીએ અને વૃક્ષોનું જતન આબાદ વતન ઉક્તિને સાર્થક કરીએ.

# ઉમરગામ મામલતદાર કચેરીમાં અરજદારો પ્રશ્નોનો નિકાલ ત્વરિત ધોરણે કરવા તાકીદ

## મામલતદાર કલ્પનાબેન પટેલે પુરવઠા ખાતા અને જાતિ આવક ના દાખલા માટે જે તે અધિકારીને સુચના આપી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** ઉમરગામ મામલતદાર કચેરી ખાતે અરજદારોને રેશનકાર્ડ અને જાતિ આવકના દાખલા માટે કચેરી ખાતે ધક્કા ખાવા પડતા હોય જેને લઇ સોશિયલ મીડિયા પર સરપંચ અને અન્ય જાગૃત નાગરિકો દ્વારા નારાજગી હાલવી મામલતદાર કચેરીમાં વહીવટી કામો સમયસંગ ન થતા આવવાની ફરિયાદો કરી હતી. જેને ધ્યાને લઈ ગુજરાત રાજ્ય સ્વામી વિવેકાનંદ મંડળના હેમંતભાઈ વારલી એ ઉમરગામ મામલતદાર કલ્પનાબેન પટેલને રૂબરૂ મુલાકાત કરી રજૂઆત કરી હતી પ્રજાલક્ષી પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ આવે તે માટે મામલતદાર કલ્પનાબેન પટેલે હકારાત્મક પ્રતિસાદ આપી પુરવઠા વિભાગના અધિકારી અને જાતિ આવકના દાખલા માટે આવતા અરજદારોના કામો સમયસર થાય તે માટે ઓપરેટર અને સૂચના આપવામાં આવી હતી હેમંતભાઈ વારલી સાથે ફણસા થી આવેલા એક અરજદારના રેશનકાર્ડમાં નામ ઉમેરો કરવાની પ્રક્રિયા નિયમ અનુસાર પૂર્ણ કરી આપવામાં આવી હતી જેને લઇ અરજદારે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. તાલુકા મામલતદાર કલ્પનાબેન દ્વારા જણાવાયું હતું કે રજાના દિવસો વાત કરતા રેશનકાર્ડની કામગીરી સપ્તાહ દરમિયાન રોજ ચાલુ હોય છે. જે અંગે સરપંચ અને જાણકારી ગ્રામ પંચાયત વિસ્તારમાં માહિતી પહોંચાડવા અનુરોધ કર્યો હતો સામાન્ય રીતે સોમવાર અને ગુરુવારે જ અગાઉ રાશનકાર્ડની કામગીરી થતી હોય જેને કારણે મામલતદાર કચેરીએ બે દિવસ ભારે ભીડ રહેતી હોય છે જ્યારે અન્ય દિવસોમાં કોઈ અરજદાર આવતું ન હોય જેથી સૌને જાણ કરવા અપીલ કરી હતી.

# સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં કેમિકલ યુક્ત પ્રવાહી વહેતુ મુકાતા જીપીસીબીને ફરિયાદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** ઉમરગામ તાલુકામાં સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં ખુલ્લી ગટરો માં સ્થાનિક કેટલાક એકમો દ્વારા કેમિકલ યુક્ત પ્રવાહી વહેતું મૂકી જાહેર આરોગ્ય જોખમાય એવી પ્રવૃત્તિ થતી જોવા મળે છે અગાઉ અનેક કિસ્સાઓમાં જીપીસીબી દ્વારા કસુર વારો સામે કાર્યવાહી પણ કરવામાં આવી છે પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. સમય અંતરે સરીગામ વિસ્તારમાં જીપીસીબીના નિયમોનું ઉલ્લંઘન કરી કેટલાક એકમો દ્વારા ઉત્પાદન પ્રક્રિયા બાદ પ્રદૂષિત કેમિકલ યુક્ત પ્રવાહી વહેતું મૂકી દેવાય છે . મુખ્યત્વે ચોમાસામાં વરસાદના વહેતા પાણી સાથે કેમિકલ યુક્ત પ્રવાહી છોડી દેવામાં આવતું હોય છે તાજેતરમાં સરીગામ GIDC માં આવેલી એક કોમ્પનીમાં GPCB એ તપાસનો ધમ ધમાટ શરૂ કયો. કમ્પનીની બહાર નાળામાં કેમિકલ જેવું દેખાતું કલરફુલ પાણી વહેતુ કરાતા સ્થસનીકો એ GPCB ને ફરિયાદ કરતા GPCB ના અધિકારી તાતકાલિક આવી પોહ્ચ્યા હતાં. કમ્પની સંચાલકો ને ખબર પડતાં કર્મચારીઓને બોલાવી નાળામાં થી ડોલ મારફતે પાણી ઉપાડી ઉપાડી પરત કમ્પની માં લઈજવાનું શરૂ કર્યું હતું પણ તાતકાલિન GPCBના અધિકારીઓની ટિમ આવીજતા કમ્પની સંચાલકો ચોંકી ગયા હતા. અને ડોલ માં કેમિકલ વાળું પાણી લઈ જતા રોકવામાં આવ્યા GPCB ના અધિકારીઓ એ સેમ્પલ કલેક્ટ કરી કમ્પની માં વિઝીટ કરી આગળની તપાસ હાથ ધરી છે. સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં મોટાભાગના ઉદ્યોગકારો સ્થાનિક છે અને તેઓ પોતાની જવાબદારી સમજે પણ છે અને તેથી જ સરીગામ અને આજુબાજુ વિસ્તારમાં સતત ઉદ્યોગો સ્થાપિત થઈ રહ્યા છે પરંતુ કેટલાક એવા ઉદ્યોગો છે કે જેઓ નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. આવા ઉદ્યોગકારોએ પોતાની જવાબદારી સમજવી જરૂરી છે.

# ભીલાડ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** ભીલાડ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ડોડીયા, એલઆઈબી હિમાંશુભાઈ તથા નિલેશભાઈના વડપણ હેઠળ ૩-૪-૨૪ ના રોજ સાંજના ૫:૩૦ કલાકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ. આવનાર દિવસોમાં ગણેશ ચતુર્થી, ઈદે મિલાદ અને જૈનોનું પર્યુષણ મહાપર્વ આ ત્રણેય તહેવારો સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સૌના સાથ અને સહકારથી ખુશી અને આનંદથી ઉજવાય તે માટે પી.એસ.આઇ ડોડીયા પોતાની આગવી શૈલીમાં ગ્રામજનોને ખાસ ધ્યાને લેવા જેવી બાબતો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ કાયદાની વિરુદ્ધ કામ કરશે તો તેમની સામે કડક પગલાં લેવામાં આવશે. આ બાબતની ખાસ નોંધ લેવા સૌને જણાવ્યું હતું.

આ તહેવારોની ઉજવણી વખતે ખાસ ધ્યાને લેવા જેવી જોખમી નાની નાની બાબતો પર પણ ખાસ ભાર મૂક્યો હતો. મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિત જોઈને તેમણે ખુશી વ્યક્ત કરી હતી. વલસાડ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના અધ્યક્ષ ભરતભાઇ જાદવે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, આ વિસ્તારમાં કોઈપણ ધર્મના તહેવારો હોય હંમેશા શાંતિપૂર્ણ વાતાવરણમાં જ ઉજવાય છે. એકબીજાના સાથ સહકાર અને સહયોગથી આવનારા તહેવારો પણ આ જ રીતે સૌ સાથે મળીને જ ઉજવશે તેમાં કોઈ શંકા નથી. મુસ્લિમ સમાજના નેતા મનનભાઈએ ભરતભાઈની આ ખાત્રીને વધાવતા તેમના સૂરમાં સૂર મિલાવ્યો હતો અને તેમણે પણ શાંતિપૂર્ણ વાતાવરણમાં આ બધા તહેવારો ઉજવાશે એવી આશા વ્યક્ત કરી હતી.

# સરીગામ જીઆઈડીસી ચાર રસ્તા વરસાદી પાણી ભરાતા હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૫ :** સરીગામ જીઆઈડીસી ચાર રસ્તા મંગળવારના રોજ સવારે માર્ગ પર વરસાદી પાણી ભરાતા વાહન ચાલકો અને પગપાળા એકમોમાં જતા કામદારોને અન્ય માર્ગ પરથી ચકરાવો લેવાની ફરજ પડી હતી. જ્યારે દુકાનદારોને નુકશાની વેઠવી પડી હતી. ઉમરગામ તાલુકામાં મંગળવારના રોજ ધોધમાર વરસાદ વરસતા સરીગામ જીઆઈડીસી ફણસા ચાર રસ્તા પર ઘૂંટણ સમા પાણી ભરાયાં હતાં. જેના લીધે નાના વાહન ચાલકોને વાહન બંધ પડી જતાં ગેરેજ તરફ સમારકામ અર્થે જવું પડયું હતું.

ભીલાડ કે ફણસા તરફથી સરીગામ જીઆઈડીસી ચાર રસ્તા સુધી ભાડાનાં વાહનમાં બેસી આવતા કામદારોને અન્ય માર્ગ તરફ જવાની ફરજ પડતા એકમમાં પહોંચવામાં વિલંબ થયો હતો. રોડ કિનારે આવેલા દુકાનદારોને રોડ પર પાણી ભરાતા ગ્રાહક દુકાન સુધી પહોંચી ન શકતા નુકશાની વેઠવી પડી રહી છે. સરીગામ જીઆઈડીસી ચાર પર વર્ષોથી વરસાદી પાણીનો ભરાવો થવા છતાં તંત્ર દ્વારા આજદિન સુધી નિરાકરણ ન લાવતા રાહદારી, વાહન ચાલકો અને દુકાનદારોમાં નારાજગી જોવા મળી રહી છે.

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 06, September 2024

# સુરક્ષા પર રાજકારણ

ગઈકાલે જ્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે અપરાજિતા વિધેયક રજૂ કરાયું તો પક્ષ-વિપક્ષ બધા એક સાથે ઊભેલા દેખાયા. તમામ રાજકીય મતભેદ જાણે અચાનક ખતમ થઈ ગયા. વિધેયક સર્વસંમતિથી પસાર થઈ ગયું. મમતા બેનર્જીએ વિપક્ષના ધારાસભ્યોને કહ્યું કે તેઓ રાજ્યપાલને આ વિધેયકને સ્વીકૃતિ આપવાનો અનુરોધ કરે, જેથી આગળ તેને રાષ્ટ્રપતિ પાસે મોકલી શકાય. વિપક્ષના નેતા ભાજપના શુભેન્દુ અધિકારીએ તો રાજ્યપાલને તેની અપીલ પણ કરી દીધી. છેલ્લા કેટલાક દિવસોમાં કોલકાતાની સડકોએ એક ડોક્ટરના બળાત્કાર અને હત્યા બાદ જે પ્રકારની રાજનીતિ અને ગુંડાગર્દી જોઈ છે, ત્યારબાદ આ પ્રકારની આમ સહમતિ એક આશા બંધાવી શકતી હતી, પરંતુ એવું થયું નહીં. વિધેયક ભલે સર્વસંમતિથી પાસ થયું હોય, પરંતુ જે પ્રકારની રાજનીતિ ત્યાં દેખાઈ, તે કોઈપણ રીતે આશ્વસ્ત કરનારી ન હતી. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ તો બીજાં રાજ્યોમાં થયેલ બળાત્કારોની આખી યાદી જ રજૂ કરી દીધી. તેઓ એટલેથી ન અટક્યાં. તેમણે વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને કેટલાય રાજ્યોના મુખ્યમંત્રીઓ પાસે એ તર્ક સાથે રાજીનામાની માંગ કરી કે તેઓ મહિલાઓને સુરક્ષા આપવામાં નિષ્ફળ રહ્યા છે. યાદ રહે, ભાજપી નેતાઓ કોલકાતા હોસ્પિટલ બળાત્કાર અને હત્યા મામલે કેટલાય દિવસથી મમતા બેનર્જીના રાજીનામાની માંગ કરી રહ્યા છે. એટલે મમતાએ વિચાર્યું કે તેનો રાજકીય જવાબ જથ્થાબંધના ભાવે રાજીનામાં માગીને જ આપી શકાશે! હવે જોઈએ અપરાજિતા વિધેયક. નિશ્ચિતપણે તેમાં કેટલીક વાતો બહુ સારી છે. આ વિધેયક સ્પષ્ટપણે કહે છે કે જો કોઈનો બળાત્કાર કરીને હત્યા કરી દેવામાં આવે છે કે પછી બળાત્કાર તેને સંપૂર્ણ રીતે અક્ષમ બનાવી દે છે, તો તેના દોષીને મૃત્યુદંડ જ આપવો જોઈએ. અહીં થોડા અટકીને આપણે ૨૦૧૨ના નિર્ભયા કાંડને યાદ કરી લેવો જોઈએ, ત્યારબાદ બળાત્કાર સંબંધિત કાયદાઓમાં બદલાવ માટે જસ્ટિસ જેએસ વર્મા આયોગની સ્થાપના થઈ હતી. આ આયોગે બહુ વિમર્શ બાદ બહુ ઓછા સમયમાં પોતાનો રિપોર્ટ આપ્યો હતો. આ જ રિપોર્ટના આધાર પર કેન્દ્રએ જે કાયદો બનાવ્યો, તેમાં દોષીને વધુમાં વધુ સજા તરીકે મૃત્યુદંડની જ જોગવાઈ હતી. પરંતુ શું થયું? આપણે નિર્ભયા કાંડના દોષીઓને બાદ કરી દઈએ તો બાદમાં કોઈપણ બળાત્કારીને ક્યારેય મૃત્યુદંડ નથી આપવામાં આવ્યો. આ વિધેયક એક વધુ મહત્વપૂર્ણ વાત એ કહે છે કે જો કોઈને બળાત્કાર માટે આજીવન કારાવાસ થાય છે, તો તેને આ સજા દરમ્યાન કોઈપણ જાતના પેરોલ કે ફર્લો ન આપવામાં આવે. હાલના ઘણા બધા સંદર્ભો દર્શાવે છે કે કાયદામાં એ પ્રકારની જોગવાઈ કરવી જરૂરી છે. કાયદાઓમાં ખામીઓ હોઈ શકે છે, પરંતુ તેના કરતાં વધારે ખતરનાક છે બળાત્કાર પર થનારું રાજકારણ. રાજકારણમાં બળાત્કારને હંમેશા રાજકીય ઓજાર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. જે કોલકાતાના કાંડ પર હંગામો મચાવી રહ્યા છે, તેઓ બદલાપુરની ઘટનાઓ પર ચૂપકિદી સેવે છે અને જેઓ બદલાપુરને માથે લઈને ફરે છે તેઓ કોલકાતાની ઘટના પર ચૂં-ચાં પણ નથી કરતા! બળાત્કારની દરેક ઘટના બાદ જનતાનો ગુસ્સો રાજકારણના આ આરોપ-પ્રત્યારોપો આગળ દમ તોડી દે છે. બળાત્કાર પર રાજકારણ ન થવું જોઈએ. તેને લઈને કોઈ સામાન્ય સહમતિ બનાવવાની કોશિશ કેમ નથી થતી?

# ભારત અને સિંગાપોર વચ્ચે સેમિકન્ડક્ટર સહિત ૪ કરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે. બુધવારે સિંગાપોર પહોંચતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દિવસે તેઓ વડાપ્રધાન લોરેન્સ વોંગને મળ્યા હતા અને ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમની મુલાકાતનો બીજો દિવસ પણ ઘણો મહત્વનો રહેવાનો છે. ર મોદીએ તેમની સિંગાપોરની મુલાકાતના બીજા દિવસે સિંગાપોરના વડાપ્રધાન લોરેન્સ વોંગ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી. આ દરમિયાન પીએમ મોદી સાથે વિદેશ મંત્રી જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. આ સમયગાળા દરમિયાન, ભારત અને સિંગાપોર ઘણા કરારો પર હસ્તાક્ષર કરવા જઈ રહ્યા છે, જેમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ બનાવવા અંગેનો મહત્વપૂર્ણ કરાર પણ સામેલ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, સિંગાપોરે વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. સિંગાપોર તેની સ્થિતિ જાળવી રાખવા માટે હાર્ડ અને સોફ્ટ બંને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવાનું ચાલુ રાખે છે. સિંગાપોરની યુનિવર્સિટીઓએ સેમિકન્ડક્ટર ક્ષેત્ર માટે વિશેષ અભ્યાસક્રમો શરૂ કર્યા છે. પીએમ નરેન્દ્ર મોદી સિંગાપોરની સરકારી મુલાકાતે છે. તેમની આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોની સ્થાપનાની ૬૦મી વર્ષગાંઠના અવસર પર થઈ રહી છે. પીએમ મોદી છ વર્ષ બાદ સિંગાપોર પહોંચ્યા છે. મોદીની સિંગાપોર મુલાકાત ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી માટે મહત્વની છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. આ દરમિયાન પીએમ મોદી બિઝનેસ લીડર્સ અને ઘણી મોટી કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન દક્ષિણ ચીન સાગર અને મ્યાનમાર જેવા ક્ષેત્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. વડાપ્રધાનની સિંગાપોર મુલાકાત વેપાર અને રોકાણની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આસિયાન દેશોમાં સિંગાપોર ભારતનું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર વિશ્વમાં ભારતનું છઠ્ઠું સૌથી મોટું વેપારી ભાગીદાર છે. સિંગાપોર ભારતમાં આવતા વિદેશી સીધા રોકાણ (ફડીઆઈ)નો મુખ્ય સ્ત્રોત છે. સિંગાપોર વૈશ્વિક સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સિંગાપોર પાસે આ ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ છે. હાલમાં ભારતનો સમગ્ર ભાર એક્ટ ઈસ્ટ પોલિસી પર છે. ભારતે નવેમ્બર ૨૦૧૪માં ૧૨મી આસિયાન-ઈન્ડિયા સમિટ દરમિયાન આ નીતિની શરૂઆત કરી હતી. આ નીતિનો ઉદ્દેશ હિંદ મહાસાગરમાં વધતી જતી દરિયાઈ ક્ષમતાનો સામનો કરવાનો અને દક્ષિણ ચીન સમુદ્ર અને હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક ભાગીદારી બનાવવાનો છે. ચીન સાઉથ ચાઈના સીમાં પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા સતત પ્રયાસ કરી રહ્યું છે. આ કારણે ચીન ઘણા દેશો સાથે સતત વિવાદમાં છે. ચીન દક્ષિણ ચીન સાગરના કેટલાક ભાગો પર પોતાનો દાવો કરે છે, જેના કારણે પ્રાદેશિક સ્તરે શાંતિ પ્રભાવિત થઈ છે. આવી સ્થિતિમાં ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી હેઠળ પીએમ મોદીની બ્રુનેઈ અને સિંગાપોરની



મુલાકાતને ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓએ છઈસ હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી જ્યાં તેઓને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં કંપનીની ભૂમિકા, તેની કામગીરી અને ભારત માટેની તેની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલય (MEA)ના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘X’ પર માહિતી આપી, “અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે સંબંધોને પ્રોત્સાહન આપવું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને (સિંગાપોરના) વડા પ્રધાન લોરેન્સ વોંગે આજે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપની AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી.

સિંગાપોર સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી એસોસિએશને દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ અને ભારત સાથે સહકારની તકો વિશે માહિતી આપી હતી. “ભારતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવાના અમારા પ્રયાસોને ધ્યાનમાં રાખીને અને આ ક્ષેત્રમાં સિંગાપોરની કુશળતાને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે,” તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પીએમ મોદી ભારતને સેમિકન્ડક્ટર હબ બનાવવા માંગે છે.

ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલ દરમિયાન, બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈકોસિસ્ટમ પાર્ટનરશીપ પર એમઓયુને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

સિંગાપોરના પીએમ વોંગને ૧૧ સપ્ટેમ્બરે ગ્રેટર નોઈડામાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. જયસ્વાલે AEMમાં કામ કરતા સિંગાપોરના તાલીમાર્થીઓ અને ભારતીય ઈજનેરો સાથેની વાતચીત પર લખ્યું, જેમણે AEM હેઠળ ભારતની મુલાકાત લીધી છે.” બંને નેતાઓ દ્વારા કંપનીની મુલાકાત આ ક્ષેત્રમાં સહકાર માટે બંને પક્ષોની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોદીએ તેમની સાથે AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લેવા બદલ પ્રમુખ વોંગની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ સિંગાપોરની સેમિકન્ડક્ટર કંપનીઓને ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ગ્રેટર નોઈડામાં યોજાનાર સેમિકોન ઈન્ડિયા પ્રદર્શનમાં ભાગ લેવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. બ્રુનેઈની મુલાકાત પૂર્ણ કરીને મોદી સિંગાપુર પહોંચી ગયા છે.

# ‘અમે એકબીજાની લાગણીઓનું સન્માન કરીએ છીએ..’:મોદી

**સૌ પ્રથમ, ૧૪૦ કરોડ ભારતીયો વતી, હું તમને અને બ્રુનેઈના લોકોને આઝાદીની ૪૦મી વર્ષગાંઠ પર હૃદયપૂર્વક અભિનંદન આપું છું : વડાપ્રધાન**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રુનેઈની તેમની મુલાકાતના બીજા દિવસે બુધવારે સુલતાન હસનલ બોલ્કિયા સાથે તેમના મહેલમાં મુલાકાત કરી હતી. આ બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે અમે એકબીજાની ભાવનાઓનું સન્માન કરીએ છીએ. આ બેઠક બાદ પીએમ મોદીએ કહ્યું કે બ્રુનેઈના સુલતાન દ્વારા કરવામાં આવેલા ઉષ્માભર્યા સ્વાગત અને આતિથ્ય માટે હું તમારો અને સમગ્ર શાહી પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. સૌ પ્રથમ, ૧૪૦ કરોડ ભારતીયો વતી, હું તમને અને બ્રુનેઈના લોકોને આઝાદીની ૪૦મી વર્ષગાંઠ પર હૃદયપૂર્વક અભિનંદન આપું છું. આપણી વચ્ચે સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધો છે. બંને દેશો વચ્ચેના સંબંધો દિવસેને દિવસે વધુ મજબૂત બની રહ્યા છે. આજે પણ, ભારતના લોકો ૨૦૧૮ માં આપણા પ્રજાસત્તાક દિવસે મુખ્ય અતિથિ તરીકે તમારી ભારતની મુલાકાતની યાદોને ખૂબ જ ગર્વથી યાદ કરે છે. તેમણે કહ્યું કે મને ખુશી છે કે મને મારા ત્રીજા કાર્યકાળમાં બ્રુનેઈની મુલાકાત લેવાનું સૌભાગ્ય મળ્યું. આ એક સુખદ સંયોગ છે કે બંને દેશો હાલમાં તેમની દ્વિપક્ષીય ભાગીદારીની ૪૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે. ભારત અને બ્રુનેઈ વચ્ચેના સંબંધો ગાઢ બની રહ્યા છે. બ્રુનેઈ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો પેસિફિક ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભાગીદાર હોવાના કારણે અમારા માટે ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. પીએમ મોદી બ્રુનેઈના સુલતાનને તેમના આલીશાન મહેલમાં મળ્યા હતા. આ મહેલ વિશ્વનો સૌથી મોટો મહેલ છે, જે ૨૦ લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને તેમાં ૧,૭૦૦ રૂમ અને ૨૨ કેરેટનો સોનાનો ગુંબજ છે. બોર્નિયો ટાપુ પર સ્થિત બ્રુનેઈ સિક્કિમ અને ત્રિપુરા જેવા ભારતીય રાજ્યો કરતાં નાનું છે, પરંતુ તેના સુલતાનની અપાર સંપત્તિ અને વૈભવી જીવનશૈલીએ વારંવાર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. બ્રુનેઈના સુલતાનનું નામ હસનલ બોલ્કિયા છે, જેની ગણતરી વિશ્વના સૌથી અમીર લોકોમાં થાય છે. બ્રુનેઈને વર્ષ ૧૯૮૪માં બ્રિટનથી આઝાદી મળી હતી. સુલતાન ઉમર અલી સૈફુદ્દીન “ ૫ ઓક્ટોબર ૧૯૬૭ના રોજ બ્રુનેઈના રાજા બન્યા. હવે હસનલ બોલ્કિયા લગભગ ૫૯ વર્ષથી અહીં ગાદી સંભાળી રહ્યા છે. બ્રુનેઈમાં ૮૦ ટકા મુસ્લિમો છે. મુસ્લિમ વસ્તીનું આ પ્રમાણ ઈન્ડોનેશિયા કરતા ઘણું ઓછું છે, જે બ્રુનેઈ કરતા ઘણો મોટો દેશ છે. આઝાદી પછી બ્રુનેઈમાં વિરોધને મંજૂરી આપવામાં આવી નથી અને આવો કોઈ પ્રભાવશાળી નાગરિક સમાજ નથી. ૧૯૬૨માં જાહેર કરાયેલ કટોકટીની સ્થિતિ હજુ પણ ત્યાં કાર્યરત છે.

## વિરોધ કરવા લોકોના ટોળાં ઉમટ્યા

# શિમલામાં ગેરકાયદે મસ્જિદ નિર્માણ પર ભારે હોબાળો

**મસ્જિદ ગેરકાયદેસર રીતે બનાવવામાં આવી હતી ગેરકાયદે બાંધકામને તાત્કાલિક હટાવવા માટેની માંગ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

શિમલા, તા.૫ઃ હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં ગેરકાયદે બની રહેલી મસ્જિદને લઈને હોબાળો મચી ગયો છે. અહેવાલો અનુસાર સંજૌલી, શિમલામાં બનેલી ગેરકાયદે મસ્જિદ સંબંધિત વિવાદ વધી રહ્યો છે અને રાજ્યની સુખવિંદર સિંહ સુખુ સરકારમાં મંત્રી અનિરુદ્ધ સિંહે ગેરકાયદે બાંધકામને તાત્કાલિક હટાવવાની માંગ કરી છે. શિમલાના ચૌરા મેદાનમાં હિન્દુ સંગઠનોના લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સંજૌલીમાં જ્યાં મસ્જિદ બનેલી છે તેની આસપાસના વિસ્તારોમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મસ્જિદ સંજૌલીમાં બજારની બાજુમાં બનાવવામાં આવી છે અને તેના બે માળ ગેરકાયદે છે.

મસ્જિદ ગેરકાયદે હોવાથી તેને તોડી પાડવાની માંગ ઊઠી છે. ઉલ્લેખનીય છે કે આ રવિવારે જ અહીં પ્રદર્શન થયું હતું અને હવે આ મામલાએ જોર પકડ્યું છે. આવી સ્થિતિમાં સરકારે સંજૌલીમાં ૫ કિમીની ત્રિજ્યામાં પોલીસ દળને તૈનાત કર્યું છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. બપોરના ૧૨ વાગ્યા સુધી સમગ્ર વિસ્તારમાં બધું શાંત હતું પરંતુ પછી અચાનક ભીડ સ્થળ પર પહોંચી ગઈ હતી. દરમિયાન હિમાચલ પ્રદેશ સરકારના મંત્રી અનિરુદ્ધ સિંહે આરોપ લગાવ્યો કે મસ્જિદ બહારના લોકો દ્વારા ગેરકાયદે રીતે બનાવવામાં આવી હતી અને તેને તાત્કાલિક હટાવી દેવી જોઈએ.

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ પણ આ મુદ્દે નિવેદન આપ્યું છે. સુખુએ કહ્યું છે કે હિમાચલ પ્રદેશમાં તમામ ધર્મોનું સન્માન કરવામાં આવે છે. મસ્જિદ સામે વિરોધ કરવા નીકળેલી ભીડ અંગે તેમણે કહ્યું કે કોઈને પણ કાયદો હાથમાં લેવાનો અધિકાર નથી.

સીએમએ કહ્યું કે આ મામલે બંધારણ મુજબ કાયદાના દાયરામાં રહીને કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું કે તેને સાંપ્રદાયિક દ્રષ્ટિકોણથી જોવાની જરૂર નથી. મસ્જિદ ગેરકાયદે રીતે બનાવવામાં આવી હોવાના પ્રશ્ન પર મુખ્યમંત્રીએ કહ્યું કે જો તે ગેરકાયદે હોવાનું જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે.

## વંદે ભારત પર પથ્થરમારો

# ૨૪ કલાકમાં બે ટ્રેનોને દેશ વિરોધીઓએ નિશાન બનાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

પટણા, તા.૫ઃ દેશમાં વિવિધ સ્થળોએ તોફાની તત્વોમાં સુધરવાના આસાર દેખાઈ રહ્યાં નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૨ વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારાની ઘટનાઓ સામે આવી છે. પહેલી ઘટના બુધવારે રાત્રે બની હતી જ્યારે લખનૌ પટના વંદે ભારત પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. બીજી ઘટના ગુરુવારે સવારે પ્રકાશમાં આવી જ્યારે રાંચીથી પટના જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો.

બુધવારે રાત્રે બદમાશોએ લખનઉથી પટના જતી વંદે ભારત ટ્રેન પર ભારે પથ્થરમારો કર્યો હતો. પથ્થરમારાને કારણે ટ્રેનના સી-૫ કોચનો કાચ તૂટી ગયો હતો. મળતી માહિતી મુજબ, વારાણસી સ્ટેશનથી ટ્રેન ઉપડ્યા બાદ આ ઘટના બની હતી. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના અહેવાલ નથી. હાલ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. રેલવે પણ આ મામલે તપાસ કરી રહી છે.

બીજી તરફ ઝારખંડના હજારીબાગમાં ગુરુવારે સવારે રાંચીથી પટના જતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના બની હતી. રેલવેએ કહ્યું છે કે ૨૪ કલાકની અંદર બે વંદે ભારત ટ્રેનો પર આવો જ હુમલો થયો હતો. રાંચીથી પટના જતી વંદે ભારત ટ્રેન નંબર ૨૨૩૫૦ની બોગી નંબર ઈ ૧ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેમાં સીટ નંબર પાંચ અને છ પાસેના કાચ તૂટી ગયા હતા. આ ઘટના હજારીબાગના ચર્હી અને બેઝ રેલવે સ્ટેશન વચ્ચે બની હતી. મળતી માહિતી મુજબ આ પથ્થરમારામાં બારીના કાચ ખરાબ રીતે તૂટી ગયા હતા. આ ઘટનામાં ટ્રેનમાં બેઠેલા કોઈપણ મુસાફરને કોઈ નુકસાન થયું નથી. રેલવે તરફથી મળેલી માહિતી મુજબ સીસીટીવી ફૂટેજ દ્વારા અસામાજિક તત્વોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આરપીએફએ આ મામલે એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે.

## નામ બદલવાની માંગ ઊઠી

# કુંભમાં યોજાનાર શાહી સ્નાન નામ ગુલામીનું પ્રતીક

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રયાગરાજ, તા.૫ઃ અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીએ કુંભમાં યોજાનારા શાહી સ્નાનનું નામ બદલવાની માંગ કરી છે. રવિન્દ્ર પુરી કહે છે કે શાહી એક ઉર્દૂ શબ્દ છે, આ નામ મુગલોએ આપ્યું હતું અને તે ગુલામીનું પ્રતીક છે. તેમણે કહ્યું છે કે હવે સનાતન ધર્મ પ્રમાણે તેનું નામ શાહીસ્નાન નહીં પણ રાજસી સ્નાન હોવું જોઈએ. રવિન્દ્ર પુરીનું કહેવું છે કે અખાડા પરિષદની બેઠકમાં આ મુદ્દો ઉઠાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે અખાડા પરિષદમાં ૧૩ અખાડા છે.

જાન્યુઆરી ૨૦૨૫માં યુપીના પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થવાનું છે. મહાકુંભમાં ૧૪મી જાન્યુઆરીએ મકરસંક્રાંતિ, ૨૯મી જાન્યુઆરીએ મૌની અમાવસ્યા અને ૩જી ફેબ્રુઆરીએ વસંતપંચમીના રોજ શાહી સ્નાન થશે. શાહી સ્નાનને અમૃતસ્નાન તરીકે ગણવામાં આવે છે જેમાં આચાર્ય મહામંડલેશ્વર, મહંત અને અખાડાઓના નાગા સાધુઓ શાહી સ્નાન કરે છે અને આ પરંપરા સદીઓ જૂની છે.

અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ રવિન્દ્ર પુરીએ કહ્યું કે શાહી એક ઉર્દૂ શબ્દ છે. તેમણે કહ્યું કે રાજસી એ ‘દેવ વાણી’ શબ્દ છે જે સમૃદ્ધ સનાતની પરંપરાઓનું પ્રતીક છે. તેમણે કહ્યું કે શાહી શબ્દ ગુલામીનું પ્રતિક છે અને મુઘલો દ્વારા તેની રચના કરવામાં આવી હતી.

## ૧ ઓક્ટોબરથી નવા ફેરફારો લાગુ કરવામાં આવશે

# સુકન્યા સમૃદ્ધિ યોજનામાં મોટા ફેરફાર કરવામાં આવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૫ઃ દીકરીઓના ભવિષ્યને આર્થિક સુરક્ષા આપવા માટે, લોકપ્રિય સરકારની સુકન્યા સમૃદ્ધિ યોજનામાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે, જે તમારા માટે જાણવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. દીકરીના ભણતર અને લગ્ન માટે નાણાંની વ્યવસ્થા કરવા સક્ષમ આ યોજનામાં હવે માત્ર માતા-પિતા અથવા કાનૂની વાલી જ દીકરીનું ખાતું ઓપરેટ કરી શકશે. જો આમ ન થાય તો આ એકાઉન્ટ બંધ થઈ શકે છે. અમને જીજીરૂ યોજનાના નિયમોમાં ફેરફાર વિશે વિગતવાર જણાવો...કેન્દ્રની નરેન્દ્ર મોદી (ર નરેન્દ્ર મોદી) સરકારે દીકરીઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૫માં સુકન્યા સમૃદ્ધિ યોજના (જીજીરૂ યોજના) શરૂ કરી હતી. આ સરકારી યોજના હેઠળ માત્ર ૨૫૦ રૂપિયામાં ખાતું ખોલાવી શકાય છે. સરકાર આના પર મજબૂત વ્યાજ પણ આપી રહી છે, જે ૮.૨ ટકા છે. આ એક લાંબા ગાળાની રોકાણ યોજના છે, જે દીકરીઓને કરોડપતિ બનાવવા માટે લોકપ્રિય છે. દીકરીના ભવિષ્ય માટે જંગી ભંડોળ એકત્ર કરવા માટે આ યોજનામાં કરાયેલા નવીનતમ નિયમમાં ફેરફાર વિશે વાત કરતાં, તે ખાસ કરીને આવા સુકન્યા ખાતાઓ પર લાગુ કરવામાં આવશે જે નેશનલ સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સ (દ્ગજીજી) હેઠળ ખોલવામાં આવે છે. નવા નિયમ મુજબ, જો કોઈ પુત્રીનું જીજીરૂ એકાઉન્ટ કોઈ એવી વ્યક્તિ દ્વારા ખોલવામાં આવ્યું છે જે તેના કાયદેસર વાલી નથી, તો તેણે આ એકાઉન્ટ કુદરતી માતાપિતા અથવા કાનૂની વાલીને ટ્રાન્સફર કરવું પડશે. જો આમ ન કરવામાં આવે તો તે ખાતું બંધ કરી શકાય છે. રિપોર્ટ અનુસાર, સ્કીમમાં આ ફેરફાર ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી અમલમાં આવશે. જીજીરૂ યોજના એટલી લોકપ્રિય છે તેનું કારણ આ યોજનામાં રોકાણ પર મળતું વ્યાજ પણ છે. આ સ્કીમ જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળા માટે ૮.૨ ટકાનું ઉત્તમ વ્યાજ ઓફર કરી રહી છે. સુકન્યા સમૃદ્ધિ યોજના લાંબા ગાળાની રોકાણ યોજના છે, જે તમારી પુત્રીને ૨૧ વર્ષની થાય ત્યારે કરોડપતિ બનાવી શકે છે.

## અગ્નિવીરોને ટૂંકમાં સરકાર મોટી ભેટ આપી શકે છે

# સૈન્યમાં જળવાઈ રહેવાની મુદ્દત સહિત પગાર-ભથ્થાં પણ બદલાઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૫ઃ સૈન્યમાં જવાની તૈયારી કરી રહેલા અગ્નિવીરોને ટૂંક સમયમાં સરકાર મોટી ભેટ આપી શકે છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ૪ વર્ષના સમયગાળા બાદ સૈન્યમાં અગ્નિવીરોને જાળવી રાખવાની મુદ્દત વધારવામાં આવી શકે છે. હાલના નિયમો પ્રમાણે ૨૫% અગ્નીવીરો સેવામાં જળવાઈ રહે છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી કહેવામાં આવ્યું. આ સિવાય પણ અગ્નિપથ યોજનામાં અનેક ફેરફાર થઈ શકે છે. સરકારે વર્ષ ૨૦૨૨માં અગ્નિપથ યોજનાનું એલાન કર્યું હતું.

એક અહેવાલ પ્રમાણે સરકાર અગ્નિપથ યોજનામાં કેટલાક ફેરફાર કરવાની યોજના બનાવી રહી છે. આ હેઠળ હવે વધારે અગ્નિવીરોને સૈન્યમાં રિટેન કરવામાં આવશે. આ ઉપરાંત તેમના પગાર-ભથ્થાંમાં પણ ફેરફાર કરવામાં આવી શકે છે. જોકે, હજું રક્ષા મંત્રાલયે સત્તાવાર નિવેદન જારી નથી કર્યું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, યોજનાના લાભ અને વ્યવસ્થાને શ્રેષ્ઠ કરવા માટે ફેરફાર કરવામાં આવી શકે છે.

અહેવાલમાં રક્ષા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓનો હવાલો આપી જણાવ્યું કે, અગ્નિવીરોને સેવામાં જાળવી રાખવાની મુદ્દત અંગે ચર્ચા ચાલું છે. ત્યારબાદ ચાર વર્ષની સેવા પૂરી કરી ચૂકેલા વધુ અગ્નિવીરો સૈન્યનો હિસ્સો બની રહેશે. હાલમાં આ આંકડો ૨૫%છે. સૈન્ય એક્સપર્ટનું માનવું છે કે, ૨૫% રિટેન કરવાની મુદ્દત પર્યાપ્ત નથી.

એક સૂત્રએ જણાવ્યું કે ગ્રાઉન્ડ ફાઈટિંગ સ્ટ્રેન્થ જાળવવા માટે એક ચતુર્થાંશ આંકડાને રિટેન કરવાની સંખ્યા ખૂબ જ ઓછી છે.

# CM પદ પર દાવો કરતી ઉદ્ધવ સેનાનું કોંગ્રેસ-શરદ પવાર આગળ સરેન્ડર

**રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડી (MVA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૫ઃ ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટીએ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી પદ પર દાવો કર્યા બાદ પાછીપાની કરી છે. કોંગ્રેસ અને શરદ પવાર જૂથે ઠાકરેને દાવાને મહત્વ ન આપતા છેવટે પાર્ટીના નેતા સંજય રાઉતે મુખ્યમંત્રી પદ અંગે મહત્વની ટિપ્પણી કરી છે. રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડી (MVA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. સંજય રાઉતે કહ્યું કે, ‘મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે એમવીએના મુખ્યમંત્રી પદના ચહેરા અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. હાલ અમારું લક્ષ્ય રાજ્યમાંથી ભ્રષ્ટ વર્તમાન સરકારને હટાવવાનું છે.’ આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, હાલ એમવીએને મુખ્યમંત્રી પદ માટે ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી. આ અંગેનો નિર્ણય ચૂંટણી પરિણામો બાદ સંખ્યાબળના આધારે લઈ શકાય છે.

ગઈકાલે પવારે આપેલા નિવેદન બાદ આજે સંજય રાઉતે કહ્યું કે, ‘પવાર સાહેબ ૧૦૦ ટકા સત્ય કહી રહ્યા છે. આ (મહાયુતિ) ત્રણ પક્ષોની સરકાર છે અને મહારાષ્ટ્રમાં એમવીએને જ બહુમતી મળી રહી છે. અમારું પ્રથમ કામ વર્તમાન સરકારને હટાવવાનું છે. અમે પછી કોઈપણ સમયે મુખ્યમંત્રી પદ અંગે વાત કરી શકીએ છીએ.’

રાઉતના નિવેદન બાદ એવું લાગી રહ્યું છે કે, તેમની પાર્ટીએ મુખ્યમંત્રી પદના દાવા પરથી પાછીપાની કરી છે. આ ઉપરાંત શિવસેના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે, એમવીએના સાથી પક્ષો વચ્ચે મુખ્યમંત્રી પદ અંગે કોઈપણ મતભેદ નથી. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં નવેમ્બરમાં મતદાન થવાનું છે.

તે વખતે ઉદ્ધવ ઠાકરે દાવો કરતા તો કરી ગયા, પરંતુ ત્યારબાદ કોંગ્રેસ અને શરદ પવાર જૂથે તેમના નિવેદનને કોઈ મહત્ત્વ આપ્યું ન હતું. એટલું જ નહીં શરદ પવારે કહ્યું હતું કે, અમે મુખ્યમંત્રી પદના ચહેરા વગર ચૂંટણી મેદાનમાં ઉતરીશું અને અમારો ટાર્ગેટ એનડીએને સત્તા પરથી બહાર કરવાનો છે. આ પહેલા શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે છેલ્લા એક મહિનાથી કહી રહ્યા હતા કે, મહાવિકાસ અઘાડી તરફથી મુખ્યમંત્રી પદનો ચહેરો ચૂંટણી પહેલા નક્કી કરી લેવો જોઈએ. તેમણે કહ્યું હતું કે, ગઠબંધનમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષને મળી, તે આધારે મુખ્યમંત્રીનો ચહેરો નક્કી ન કરવો જોઈએ. તેમનો સ્પષ્ટ ઈશારો હતો કે, મુખ્યમંત્રી પદ પર ઉદ્ધવ સેનાનો દાવો છે અને આ માટે તેમના નેતાને ચહેરો બનાવવામાં આવે.

## કિમ જોંગ ઉને ફરી બર્બરતા બતાવી

# પૂર અને ભૂસ્ખલન રોકવામાં નિષ્ફળ રહેલા ૩૦ અધિકારીઓને ફાંસી આપી: રિપોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઉત્તર કોરિયા, તા.૫ઃ ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને તાજેતરમાં દેશમાં મોટા પ્રમાણમાં પૂર અને ભૂસ્ખલનને રોકવામાં નિષ્ફળતા બદલ ૨૦ થી ૩૦ અધિકારીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ પૂરમાં લગભગ ૪,૦૦૦ લોકોના મોત થયા હતા અને ૧૫,૦૦૦થી વધુ લોકોએ ભાગવું પડ્યું હતું. દક્ષિણ કોરિયાના મીડિયા અનુસાર, કિમે ભ્રષ્ટાચાર અને ફરજમાં બેદરકારીના આરોપસર અધિકારીઓને મૃત્યુદંડનો આદેશ આપ્યો હતો. ટીવી ચોસુનના અહેવાલ મુજબ પૂર પ્રભાવિત વિસ્તારમાં ૨૦ થી ૩૦ અધિકારીઓને એકસાથે ફાંસી આપવામાં આવી હતી. આ પહેલા મીડિયામાં સમાચાર આવ્યા હતા કે કિમે આ અધિકારીઓને કડક સજાની જાહેરાત કરી છે. પરંતુ હવે ફાંસીનો મામલો સામે આવી રહ્યો છે. જો કે જે અધિકારીઓને ફાંસી આપવામાં આવી છે તેમના નામનો ખુલાસો કરવામાં આવ્યો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂર પછી અધિકારીઓને ડર હતો કે તેમનો વારો ક્યારે આવશે. ગયા મહિને કિમે પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન કિમે એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા જેમાં કહેવામાં આવ્યું હતું કે પૂરના કારણે દેશભરમાં હજારો લોકોના મોત થયા છે. આ પહેલીવાર નથી જ્યારે કિમે કથિત નિષ્ફળતા માટે ફાંસીની સજાનો આદેશ આપ્યો હોય.

# દમણગંગા ટાઇમ્સ







## સહનશીલતાનો શુભ સંદેશ

લુહારની કોઢમાં સાત તૂટેલા ધણ પડ્યા હતા.. પરંતુ એરણ એકની એક અકબંધ પડી હતી. કારણ...? ઘા મારવાવાળો ઘણ સમય જતાં તૂટી જાય છે પરંતુ નીચે રહીને ઘા સહન કરી એરણ ટકી જાય છે. આ છે સહનશીલતાનો પ્રભાવ. આવી સહનશીલતાનો સંદેશ આજનો દિન આપે છે.

આજનો દિવસ ૨૩ તીર્થંકરોના ગુણો ગાવાનો છે. મહાવીર પ્રભુના પરિનિર્વાણ પછી એક હજાર વર્ષમાં જે આચાર્યો ભગવંતો થઈ ગયા તેમનું આજે કૃતાર્થ ભાવે સ્મરણ કરવાનું છે. વિશેષ કરીને પાર્શ્વનાથ પ્રભુના જીવનનું આજે સ્મરણ કરવાનું છે.

પાર્શ્વનાથ પ્રભુ જ્યારે પૃથ્વીના પ્રાંગણે પધાર્યા ત્યારે ધરિત્રી હિંસાથી ધ્રૂજતી હતી. ચારે બાજુ હતાં.પાખંડ, દંભ અને દેખાદેખી, પાર્શ્વનાથ પ્રભુએ પયગંબરી વાણીમાં પરોપકારનો પૈગામ પાઠવ્યો.

હવનમાં હાડકાં નાખતા કર્મઠ જેવા હઠયોગીનું પ્રભુએ હૃદયપરિવર્તન કર્યું. આજના શુભ દિને ભગવાન નેમિનાથ અને રાજવી ઉગ્રસેનની સુપુત્રી રાજમતિનું દિવ્ય ચરિત્ર પણ યાદ કરાય છે. આ તીર્થંકરો અને આચાર્ય ભગવંતોનું જીવન આપણને ભવ પાર કરાવે એ જ પ્રાર્થના છે.

## ભેંસલોરની દુકાનમાં ચોરી

### ચોરોએ દુકાનમાંથી રોકડ, સિગારેટ, શ્રીખંડ, આઈસ્ક્રીમની ચોરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૫:** દમણ શહેરમાં રોજે રોજ ચોરી અને ઘરફોડ ચોરીના બનાવો બની રહ્યા છે. અને પોલીસ પેટ્રોલીંગ કરવામાં કે ચોરીના બનાવો રોકવા સરેઆમ નિષ્ફળ જઇ રહી છે જેનો તકનો લાભ લઈને ચોરો રાત્રિના સમયે ચોરીના બનાવને અંજામ આપી રહ્યા છે. આવી જ બીજી ઘટના સામે આવી છે જેમાં આ વખતે ચોરે ફરી કરિયાણાની દુકાનને નિશાન બનાવી છે. જેમાં નાની દમણના ભેંસલોર ગામે આવેલ મુખ્ય માર્ગ પર નિયુ એ વનસિંહ સેન્ટરમાં રાત્રે ૨.૪૦ કલાકે શટર તોડી ચોરોએ પ્રવેશ કરી ચોરોએ દુકાનમાંથી ૪ થી ૫ હજાર રૂપિયા રોકડા, ૪૦ થી ૪૫ સિગારેટની બોક્ષ, કેટલાક શ્રીખંડની પેટીઓ, આઈસ્ક્રીમ વગેરે જેવી ચીજવસ્તુઓની ચોરી કરી ગયા છે. સવારે ૭ વાગે દુકાનદાર દિનેશ યાદવ પોતાની દુકાન ખોલવા ગયો ત્યારે તેને દુકાનનું શટર તૂટેલું જોવા મળ્યું હતું. આ જોઈને દુકાનદારે તાત્કાલિક દમણ પોલીસને જાણ કરી હતી. આ અંગે દમણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## તડગામના દરિયા કિનારેથી સેલવાસના યુવકનો મૃતદેહ મળ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૫:** ઉમરગામ તાલુકાના મરીન પોલીસ મથકની હદમાં તડગામ ગામના દરિયા કિનારે ભરતીના પાણીમાં એક યુવકની લાશ હોવાની જાણ મરીન પોલીસને થઈ હતી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે પ્રાથમિક તપાસ કરી યુવકની ઓળખ કરતા યુવક સેલવાસનો અનિલ શીવશંકર દુબે ઉ.વ. ૪૫ જે ગત તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ સેલવાસ ખાતે આવેલ અથાલ ખાડીમાં પડી ગયેલ જેનો મૃતદેહ ત્રીજા દિવસે તડગામ ગામના દરિયા કિનારે મળી આવ્યો હોવાનુ સામે આવ્યુ છે.

એક દિવસ પહેલા કલગામ ગામે મળી આવેલ મૃત મહિલાની પણ ઓળખ થવા પામી છે. મૃત મહિલા વાપી ખાતે રહેતી અને મૂળ ઉત્તર પ્રદેશની વતની પુષ્પાબેન સુરેન્દ્રનગર મિશ્રા હોવાનો બહાર આવ્યો છે. જે પણ વાપીની દમણગંગા નદીમાં ડૂબી જવાથી મૃત્યુ પામી હોઈ જે ખાડીના વહેણમાં દરિયામાં જ પહોંચી કલગામના કિનારે મળી આવી હતી.

નારગોલ મરીન પોલિસ મથકની હદમાં છેલ્લા બે દિવસની અંદર બે જેટલી લાશ દરિયા કિનારે પાણીમાંથી મળવાની ઘટના બાદ બંનેની ગણતરી કલાકની અંદર ઓળખ થવા પામી છે.

## લીલાપોરમાં રખડતા ઢોરે મોપેડ સવાર પાલીકા કર્મીનો ભોગ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા. ૫:** વલસાડ નગરપાલિકાના ટાઉન પ્લાનિંગમાં ફરજ બજાવતો કર્મચારી પોતાની લઈ લીલાપોર હાઈવે પરથી પસાર થતી વખતે એક રખડતા ઢોર સાથે અથડાતા તેને શરીરે ગંભીર ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં વલસાડની ખાનગી હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા વલસાડ નગરપાલિકા માજી સભ્ય તથા પાલિકાના કર્મચારીઓ દોડી ગયા હતા.

વલસાડ નગરપાલિકામાં ટાઉન પ્લાનીંગ વિભાગમા ફરજ બજાવતા અને વલસાડ શહેરના હાલાર વિસ્તારમાં આવેલ કાલિન્દી એપાર્ટમેન્ટમાં અરૂણભાઈ મગનભાઈ મિસ્ત્રી ઉંમર વર્ષ ૫૪ રહે છે. અરુણભાઈ મિસ્ત્રી બુધવારે સાંજે તેની તેમની પત્નીને ઘરે છોડી ગણપતિ બાપાની પ્રતિમા લેવા માટે પોતાની મોપેડે લઈ વલસાડના લીલાપોર કોસ્ટલ હાઈવે પર ગયો હતો. તે દરમિયાન રખડતા એક ઢોર સાથે તેનું મોપેડ અથડાતા તે રોડ પર પટકાયો હતો. આથી તેને સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક દોડી ગયા અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી. ઘટનાની જાણ થતા માજી સભ્ય હિતેશ રાણા ઘટના સ્થળે દોડી ગયા હતા. પીઝા પામેલા અરૂણભાઈ મિસ્ત્રીને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ થતા પાલિકા ઈજનેર અને કર્મચારીઓ તેમજ પરિવારના સભ્યોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક હોસ્પિટલ પર દોડી આવ્યા હતા. અરૂણભાઈ મિસ્ત્રીનો અવસાન થતા પરિવારમાં શોકની કાલીમાં ફેલાઈ ગઈ હતી.

## ગણદેવીથી દારૂ ભરેલ ટેમ્પો ઝડપાયો: ચાલક ફરાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી,તા.૫:** ગણદેવી પોલીસે ને.હાઈવે નં.૪૮ ઉપર મટવાડ ગામે ગુરુવાર વહેલી સવારે ૯૦ ખાલી પ્લાસ્ટિક કેરેટ ની આડમાં રૂા.૬૦ હજાર ની ૬૦૦ બોટલ વિદેશી દારૂ ભરી લઈ જતા ટેમ્પો સાથે રૂ.૫,૬૪,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અંધારાનો લાભ ઉઠાવી ચાલક ફરાર થતા વોન્ટેડ જાહેર કરાયો હતો.

ગણદેવી પોલીસે બાતમી આધારે ને.હા.નં.૪૮ મટવાડ ગામે સુરત તરફ જતા ટ્રેક ઉપર ગુરુવાર વહેલી સવારે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળો ભૂરા રંગનો અશોકલેલન ટેમ્પો નં.એમએચ-૦૪-એલઈ-૮૮૨૫ આવતા રોકવાની કોશિષ કરી હતી. નાકાબંધી તોડી હંકારી જતા, પોલીસે પીછો કરતા થોડે દુર ટેમ્પો ઉભો રાખી ચાલક અંધારાનો લાભ ઉઠાવી ઝાડી ઝાંખરમાં ભાગી ગયો હતો. ટેમ્પો ચેક કરતા રૂ. ૬૦ હજારની ભારતીય બનાવટ ઈંગ્લીશ દારૂની ૬૦૦ બોટલ, ટેમ્પો કિં.૫ લાખ, ૯૦ નંગ પ્લાસ્ટિક ના ખાલી કેરેટ રૂ.૪૫૦૦ મળી કુલ રૂ.૫,૬૪,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. અને ભાગેડુ ચાલકની શોધખોળ શરૂ કરી હતી. વધુ તપાસ પીએસઆઈડી એમ રાઠોડ કરી રહ્યાં છે.

### ગણેશ ઉત્સવ તથા ઈદે મિલાદ અંગે

## વલસાડમાં શાંતિ સમિતિની બેઠક યોજાઇ






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૫:** ગણેશ મહોત્સવમાં અશ્લીલ ગીતોના બદલે ગણપતિના ગીતો વગાડવા, ડીજેના ટેમ્પા ઉપર વધારાની લાઈટ અને સાધનો મૂકવા નહીં, વિસર્જન યાત્રામાં અસામાજિક તત્વો દેખાય તો પોલીસને હવાલે કરવો તેમજ ઈદે મિલાદમાં પણ હિંદુ-મુસ્લિમ એક થઈ બંને તહેવારોની ઉજવણી કરે તે અંગે વલસાડમાં આજરોજ શાંતિ સમિતિની બેઠક મળી હતી.

ગણેશ મહોત્સવના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વલસાડમાં ગણેશનું આગમન થતા ડીજે સંચાલકોમાં કોમ્પિટિશન ચાલતી હોય તેવું જોવા મળી રહ્યું છે. જેને લઇ આજરોજ વલસાડ જિલ્લા પોલીસ વડા ડૉ. કરન રાજ વાઘેલા ડીવાયએસપી વર્મા તેમજ વલસાડ મામલતદાર કલ્પનાબેનના અધ્યક્ષ સ્થાને ગણેશ ઉત્સવ અને ઈદે મિલાદને લઈ શાંતિ સમિતિની બેઠક વલસાડના મોંઘાભાઈ હોલમાં રાખવામાં આવી હતી. શાંતિ સમિતિની બેઠકમાં ડી.એસ.પી.એ જણાવ્યું કે ગણેશ ઉત્સવમાં અશ્લીલ ગીતોના બદલે ગણપતિ બાપાના ગીતો વગાડવા ઉપર ભાર મૂક્યો હતો. ગણેશ મંડળના આયોજકોને પોતાના મંડળના વોલેન્ટિયર, મંડળમાં સીસીટીવી કેમેરા મુકવા અને આ સામાજિક તત્વો દેખાય તો તેને મંડળમાંથી બહાર કાઢવા માટે અપીલ કરી હતી. જોરજોરથી ડીજે વગાડનારા ડીજે સંચાલકોને ડીએસપીએ આડેહાથ લીધા હતા. વલસાડ વિભાગના ડીવાયએસપી વર્માએ જણાવ્યું કે ડીજેના ટેમ્પા ઉપર વધારે ડીજે ના સાધનો તથા લાઈટિંગ વધારે લગાવવાના કારણે લોકોને તકલીફ થાય છે જેથી ડીજે ઉપર લાઈટિંગ ઓછી મૂકવી તથા સાધનો ઓછા મુકવા માટે જણાવ્યુ હતું. વલસાડ નગરપાલિકા માજી પ્રમુખ રાજુ મરચાએ જણાવ્યું કે ગણેશ આગમનમાં પોલીસ કર્મચારીઓ દ્વારા મંડળના આયોજકોને સપોર્ટ કરી રહ્યા છે તેમ છતાં ડીજે સંચાલકોએ ગમે તેવા સોંગ વગાડીને માહોલ ખરાબ કરી રહ્યા છે. આગામી દિવસોમાં મુસ્લિમોનો ઈદે મિલાદ તહેવાર આવે છે. તો બીજી તરફ હિન્દુઓનો ગણેશ મહોત્સવ હોવાથી હિન્દુ અને મુસ્લિમ એક થઈ તહેવારોની ઉજવણી કરે તેમ જણાવ્યો હતો. શાંતિ સમિતિની બેઠકમાં નગરપાલિકાના ઈજનેર અધિકારીઓ પાલિકા સભ્યો, ગણેશ મંડળના હોદ્દેદારો કાર્યકર્તાઓ અગ્રણીઓ વલસાડ સીટી વલસાડ રૂરલ પોલીસ મથકના પી.આઇ., પી.એસ.આઇ. પોલીસ કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## પારડીની સબજેલ તોડી નાસતો-ફરતો આરોપી ૨૩ વર્ષે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૫:** પારડીની સબજેલ તોડી ૨૩ વર્ષથી નાસતો ફરતો આરોપી ઓમપ્રકાશ રણસિંગ શેખાવત રહે હરિયાણાને વાપી ટાઉન પોલીસે ઝડપી પાડી વાપીની કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૧માં આઈપીસી ૩૭૬ ૩૭૨ અને ૫૦૬ નો આરોપી ઓમપ્રકાશ રણસીંગે શેખાવત રહે ભાનગઢ હરિયાણાને તારીખ ૧૧-૮-૨૦૨૧ના રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજૂ કરતા આરોપીને કોર્ટ કસ્ટડી હેઠળ પારડીની સબ જેલમાં રાખવામાં આવ્યો હતો. જ્યાં આરોપી ઓમપ્રકાશ શેખાવત પાડીની સબજેલની બેરેક નંબર ચારમાંથી બીજા આરોપીઓ સાથે ૨૨-૧૦-૨૦૦૧ ના રોજ જેલની દીવાલમાં બાકોરું પાડી જેલ તોડી નાસી ગયો હતો. જે અંગે પારડી પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. ત્યારબાદ આરોપી ઓમપ્રકાશ શેખાવતને ભારે શોધખોળ કરવા છતાં તેમજ તેમના વતન હરિયાણામાં પણ આરોપી મળી આવતો ન હતો પરંતુ હાલમાં તે પોતાના વતનના ઘરે હાજર રહેતો ન હતો અને પોતાની ધરપકડથી બચવા નાસતો ફરતો રહેતો હતો આ આરોપી વિરુદ્ધ વાપી કોર્ટમાં સીઆરપીસી કલમ હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ પણ કરાયું હતું અને ત્યારબાદ હરિયાણા રાજ્ય ખાતે તેમના ઘરેથી વાપી પોલીસે આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી અને તેની વિરુદ્ધ જરૂરી કાર્યવાહી કરી વાપીની કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે આમ છેલ્લા ૨૩ વર્ષથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડવામાં વાપી ટાઉન પોલીસને મહત્વની સફળતા મળી છે.

## યુઆઈએના સભ્યોએ કેન્દ્રીય ઉદ્યોગ મંત્રીની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૦૫:** યુઆઈએના સભ્યોએ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલજીને મુંબઈમાં મળી અને ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન (UIA) દ્વારા આયોજિત ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એક્સ્પો ૨૦૨૪ માટે તેઓને આમંત્રણ આપ્યું. આ મુલાકાત ફરી એકવાર પ્રશાંત કારુલકર દ્વારા તેમના પ્રતિષ્ઠિત સભ્યો મુર્તુઝા વોહરા અને કુણાલ કુલકર્ણી દ્વારા યોજવામાં આવી હતી. પીયૂષ ગોયલે કાર્યક્રમમાં હાજરી આપવાની ખાતરી આપી છે અને ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (યુઆઈએ)ની સમગ્ર ટીમને ગણેશોત્સવ પછી આ બાબતે ચર્ચા કરવા માટે મળવા આમંત્રણ આપ્યું છે. યુઆઈએ ટીમ તરફથી પ્રશાંત કારુલકર અને તેઓની ટીમનો આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

## વાપીમાં હત્યા કરી ૧૮ વર્ષથી ફરાર આરોપી યુપીથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૫:** વાપી ટાઉન વિસ્તારમાં ૧૮ વર્ષ પહેલા હત્યા કરીને ફરાર થઈ ગયેલો આરોપી ક્રિષ્ના રાજભર ઉર્ફે રાધે ક્રિષ્નાને યુપીના ગાજીપુર વારાણસીની જેલમાં કોઈક ગુનામાં ઝડપાયા હોવાનું બહાર આવતા વાપી પોલીસે વારાણસી યુપી પહોંચે ટ્રાન્સફર વોરંટી આરોપીને વાપી ટાઉન પોલીસ મથકે લવાયો.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૬માં વાપી ટાઉન વિસ્તારમાં હત્યા કરીને આરોપી ક્રિષ્ના રાજભર ઉર્ફે રાધે કિશન ફરાર થઈ ગયો હતો જે અંગે પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી પરંતુ આરોપી ઝડપાયો ન હતો પરંતુ હાલમાં ઉત્તર પ્રદેશના વારાણસીની જેલમાં કોઈક ગુનામાં આરોપી ક્રિષ્ના રાજભર ઝડપાયો હોવાનું જણાવતા જ વાપી ટાઉન પોલીસ મથકના પીઆઈ કે જે રાઠોડના માર્ગદર્શન હેઠળ પોલીસે યુપી વારાણસી પહોંચી ટ્રાન્સફર વોરંટી આરોપી ક્રિષ્ના રાજબરને વાપી ટાઉન પોલીસ મથકમાં લાવી હત્યાના ગુનામાં અટકાયત કરી કાર્યવાહી હાથ ધરાય છે.

## વલસાડથી ધરમપુર જતી બસ અનિયમિત દોડતા મુસાફરોએ ડેપો માથે લીધો

### વલસાડ ડેપો પર ધરમપુર તરફના મુસાફરો અને વિદ્યાર્થીઓએ સતત ૩ કલાક હંગામો મચાવતા ડેપો મેનેજર દોડી આવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૫:** ધરમપુરની બસ સમયસર નહીં મુકાતા ગઈકાલે મોડી સાંજે વલસાડ એસટી ડેપો પર બસના મુસાફરોએ ભારે હંગામો મચાવી ત્રણ કલાક સુધી ડેપો માથે લેતા તાત્કાલિક વલસાડ ડેપો મેનેજરે દોડી આવી મુસાફરોને ખાતરી આપ્યા બાદ મુસાફર ભરેલી ધરમપુર બસ જવા રવાના થઈ હતી.

વલસાણા એસટી ડેપો દ્વારા છેલ્લા બે અઠવાડિયાથી ધરમપુર તરફ જતી બસ અનિયમિત દોડતી હતી જેના કારણે નોકરીયાતો શાળા કોલેજના વિદ્યાર્થીઓ મહિલા વૃદ્ધો ભારે પરેશાની વેઠવી રહ્યા હતા. અત્યારે ગઈકાલે સાંજે ધરમપુરની બસ સમયસર નહીં મુકાતા મુસાફરોએ વલસાડ એસટી ડેપોમાં ભારે હંગામો કરી ૫ જેટલી બસોને ત્રણ કલાક સુધી અટકાવી દીધી હતી. વલસાડ એસટી ડેપોમાં પાંચ બસો અટકાવી હોવાની જાણ થતા વલસાડ ડેપો મેનેજર તાત્કાલિક ડેપોમાં દોડી ગયા હતા. પકડાયેલા મુસાફરોને શાંત કરી ડેપો મેનેજર ધરમપુરની બસો સમયસર કરવાની ખાતરી આપતા મામલે થાળે પડ્યો હતો. વલસાડ ડેપો મેનેજરે આગામી દિવસોમાં યોગ્ય અયોજન કરવા અંગે ખાત્રી આપતા યાત્રીઓએ બસ ધરમપુર જવા રવાના થઈ હતી.

## ટુકવાડાથી વૃદ્ધ મહિલાની ચેઇન સ્નેચીંગ કરનાર આરોપી ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૫:** પારડીના ટૂકવાડા ગામે ચાર દિવસ પહેલા ઘરની બહાર ઉભેલી એક મહિલાના ગળામાંથી સોનાની ચેન ખેંચી ફરાર થઈ જનાર આરોપીને પારડી પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરાય છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત તારીખ ૨૦૨૪ ના રોજ ટૂકવાડા ગામે આવેલ નિશાળ ફળિયા જલારામ મંદિર પાસે ઘરની બહાર ઉભેલી એક મહિલાના ગળામાંથી બ્લુ કલરની એકટીવા મોપેડ ઉપર આવેલ ઈસમે સોનાની ચેન ખેંચી ફરાર થઈ ગયો હતો જે અંગે પારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા પામી હતી જે અંતર્ગત એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ અને તેમની ટીમ દ્વારા પારડી પોલીસ સ્ટેશનના સરવેનન્સ સ્ટાફના પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી ઘટના સ્થળેની આજુબાજુના સીસીટીવી ફૂટેજ તથા ટેકનિકલ એનાલિસિસ કરી હ્યુમન ઈન્ટેલિજન્સ આધારે વર્કઆઉટમાં હતા અને બાદમી મળતા તેઓએ આ ચેન્જ સ્નેચિંગના ગુનામાં સંડવાયેલા આરોપી નચિકેત નરેશભાઈ માંગેલા ઉંમર વર્ષ ૨૩ રહે પ્રાર્થના મંદિરની બાજુમાં માંગેલવાડ ઉદવાડા પારડી નાઓને મુદ્દા માલ સાથે ઝડપી પાડી પૂછપરછ કરતા પકડાયેલા આરોપીને પૈસાની જરૂર હોય અને પોતે દાદરા ખાતે કંપનીમાં નોકરી જતો હોય જેથી પોતાના ગામથી ટુકવાળા થઈ દાદરા જતો હતો ત્યારે ટુકવાડા ગામ નિશાળ ફળિયા પાસે એક ઘરની બહાર એક મોટી ઉંમરના મહિલા ઉભા હોય તેઓના ગળામાં સોનાની ચેન પહેરેલ જોતા પાણી પીવાના બહાને તેઓ નજીક જઈ તેઓના ગળામાંથી સોનાની ચેન ખેંચી ગયા હોવાની કબુલાત કરતા પોલીસે તેની અટકાયત કરી તેની પાસેથી તૂટેલી સોનાની ચેન કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તેમજ activa મોપેડ કિંમત ૫૦,૦૦૦ તેમજ આરોપીની અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઈલ ફોન કિંમત ૨૦,૦૦૦ મળી ખુલ્લે એક લાખનો મુદ્દા માલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

## મોગરાવાડીની યુવતીને અચાનક હાર્ટ એટેક આવતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૫:** વલસાડના મોગરાવાડી ખ્યાતિ નગરમાં રહેતી અને ખાનગી ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરતી ૨૩ વર્ષીય યુવતી પોતાની ઓફિસમાં કામ કરતી વખતે સાંજે અચાનક એટેક આવતા તેને ઝેનિથ ડોક્ટર હાઉસમાં દાખલ કરાયા બાદ એક સાથે બીજા બે એટેક આવતા તેનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં શોક ની કાલીમાં ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા ઉત્તર ભારતીય સમાજના લોકો દોડી ગયા હતા.

હવે નાની ઉંમરમાં એટેક આવવાનું એક સામાન્ય બાબત થઈ ગઈ છે. વલસાડ જિલ્લામાં પણ નાની ઉંમરના લોકોને હૃદય રોગના હુમલામાં મોત નીપજવાની અવારનવાર ઘટનાઓ બનતી રહી છે. ત્યારે વલસાડ શહેરના મોગરાવાડીમાં ખ્યાતિ નગરમાં શિવાની સુશીલ પાંડે ઉંમર વર્ષ ૨૩ રહે છે. શિવાનીના પિતા સુશીલ પાંડે તેઓ રીક્ષા ચલાવે છે. શિવાની પાંડે વલસાડમાં આવેલી બજાજ ફાઈનાન્સ નામની ખાનગી ફાઈનાન્સમાં કંપનીમાં છેલ્લા છ મહિનાથી નોકરી કરે છે . ઓફિસમાં કામ કરતી વખતે સાંજે ૫ઃ૦૦ કલાકે અચાનક તેને છાતીમાં દુખાવો ઉપાડતા તાત્કાલિક નજીકમાં આવેલી ઝેનિથ ડોક્ટર હાઉસ હોસ્પિટલમાં સારવાર થઈ ગયા હતા. શિવાની પાંડેની સારવાર ચાલી રહી હતી. તે દરમિયાન રાત્રે ૧:૩૦ કલાકે ફરીવાર બીજો હાર્ટ એટેક અને થોડીવારમાં ત્રીજો હાર્ટ એટેક આવ્યો હતો. શિવાની પાંડે ને થોડી જ વારમાં બીજો બે એટેક આવતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા ઉત્તર ભારતીય સમાજ લોકો હોસ્પિટલ દોડી ગયા હતા. શિવાની પાંડેનું અચાનક મોત થતા પરિવારમાં શોકની કાલીમાં ફેલાઈ ગઈ હતી.

## ચીખલી બસ સ્ટેન્ડમાં વૃદ્ધાના દાગીના ઉતારી લેનાર મહિલા આરોપી સામે ૨૫થી વધુ ગુના

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૫:** ચીખલી એસટી સ્ટેન્ડના બાથરૂમમાં એક વૃદ્ધ મહિલાના સોનાના દાગીના ઉતારી લેનાર મહિલાને ચીખલી પોલીસે ઝડપી પાડી તપાસ હાથ ધરતા રિમાન્ડ દરમિયાન આ મહિલાએ ૨૫ જેટલા ગુના કરેલ હોવાનું બહાર આવ્યું છે.



બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર નવસારીની એક વૃદ્ધ મહિલા પ્રીતિબેન હરેન્દ્ર પરીખ જેને તારીખ ૧૮-૮-૨૪ ના રોજ એક અજાણી મહિલાએ રૂા. ૧૦,૦૦૦ અપાવવાનું કહી રિક્ષામાં બેસાડી લાવી ચીખલી એસટી સ્ટેન્ડના બાથરૂમમાં લઈ જઈ પ્રીતિબેન પરીખે પહેરેલ સોનાના પાટલા બે નંગ તથા ચાર નંગ વીંટી જેની કિંમત રૂપિયા ૨.૭૫ લાખના સોનાના દાગીના ઉતારી લઈ નાસી છૂટેલ આ મહિલાને ચીખલી પોલીસ પકડી લાવી તપાસ કરતા સૈયદા બીબી ઉર્ફે સલમા ફિરોઝ ખાન અશરફાન પઠાણ ઉ.વ. ૩૭ રહે. દાજીપુરા ઠાકોર વાસ બસ સ્ટેન્ડ સામે તા. ઉમરેઠ જી. આણંદ જેની મોડસ ઓપરેન્ડીએ રહી છે કે મંદિર કે શાકભાજી માર્કેટમાં રેકી કરી જે કોઈ સિનિયર સિટીઝન મહિલાઓ પાસે સોનાના દાગીના પહેરેલ હોય તેઓને સહાયના નામે રૂપિયા અપાવવાની લાલચ આપી સોનાના દાગીના પડાવી લઈ છેતરપિંડી કરતી હોય જેણે અત્યાર સુધીમાં ૨૫ જેટલા ગુના કરેલ હોવાનું બહાર આવ્યું છે જેમાં ૧૧ માસ અગાઉ નવસારી શહેરમાં એક, અમદાવાદમાં સાત ગુના, સુરેન્દ્રનગર એક, આણંદ એક, વડોદરા શહેર તથા ગ્રામ્ય મળી કુલ સાત ગુના, પંચમહાલ, ખેડા, સાબરકાંઠા, નર્મદાના રાજપીપળા શહેર ભુજ, જામનગર સીટી તથા સુરતના વરાછા જેવા વિસ્તારોમાં ગુના કરેલ હોવાનું બહાર આવ્યું છે જે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પોસઇ સમીર કડીવાલા કરી રહ્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**